ગાંધીજી

લેખક,
જુગતરામ દવે

ગાંધીજી

લેખકઃ—જુગતરામ દવે,
આચાર્ય, સ્વરાજ્ય આશ્રમ શાળા,
વેડછી (બારડોલી.)

ધી સમાજ પ્રકાશન મંદિર.
સર્વન્ટસ્ ઑફ ઇન્ડિયા સોસાઈટી,
સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ.

બે આના.

ભાદરવા વદ ૧૨; સંવત ૧૯૮૫. તા. ૩૦-૯-૨૯.

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦,૦૦૦

મુદ્રકઃ—ર. શ. બખલે, 'મુંબઈ વૈભવ પ્રેસ' ગિરગામ, મુંબઈ.

પ્રકાશક—ક. જ. ચિતલીયા, ભગિની સમાજ મંદિર,

સર્વન્ટસ્ ઑફ ઈ. સો. હોમ, સેન્ડહર્સ્ટ રોડ, ગિરગામ, મુંબઈ.

卐 ૐ 卐

ગાંધીજીનો

બાળકોને સંદેશો *

મુંબઇમાં રહેતાં અને શીખતાં બાળકોએ જાણવું જોઇએ કે હિન્દુસ્તાનનાં કરોડો બાળકોમાં તેઓ સરોવરના બિન્દુ સમાન છે. અને તેઓએ એ પણ જાણવું જોઇએ કે પેલાં કરોડો બાળકોમાં અસંખ્ય હાડપીંજર છે. એને જો મુંબઇનાં બાળકો સગાં ભાઈ બ્હેન સમાન સમજતાં હોય તો તેઓને સારૂ એ શું કરે ?

આગ્રા, તા. ૧૭-૯-૨૯. બાપુના આશિર્વાદ.

---

* ભગિની સમાજ ગાંધીજી હીરક-મહોત્સવ પ્રસંગ પર મોકલેલો ખાસ સંદેશ.

ભગિની સમાજની

ગાંધી ભક્ત બહેનોને

ગૂજરાતનાં બાળકોને પહોંચાડવા સારૂ

સમર્પણ.

લેખક.

કર્મવીર ગાંધીજી.



વ્હાલાં બાળકો,

ગાંધીજીને તો તમે સૌ ઓળખો છો. કોઈ નામથી, કોઈ નજરે જોવાથી, કોઈ તેમના કામથી. પણ તેમનું આખું જીવન જાણનાર કેટલાં હશે ?

આજે તેમનો ૬૧ મો જન્મદિવસ છે–હીરક મહોત્સવ છે. ગાંધીજીને બાળકો બહુ વ્હાલાં છે. ભગિની સમાજને તો વ્હાલાં હોયજ. એટલે ભગિની સમાજે નક્કી કર્યું કે બાળકોને ગાંધીજીનું આખું જીવન સમજાય એવું કંઈક કરવું જોઇએ.

ગાંધીજીએ સુંદર 'આત્મ કથા' લખી છે; પણ તે તો મોટાં થાઓ ત્યારે સમજી શકો. ત્યાં સુધી ધીરજ રાખવાનું તમને ન કહેવાય એટલે તમારે માટે કંઈક લખી મોકલવાની વિનંતિ જુગતરામ ભાઇને કરી.

જુગતરામભાઇ તો બાળકોના દોસ્ત. બાળકોની રગેરગ જાણનારા, ને ગાંધીજીને પણ સારી પેઠે ઓળખનારા. એટલે તમે સમજી શકો એવી ભાષામાં ગાંધીજીના જીવન વિષે તેમણે લખેલા પાઠો વાંચી તમને આનંદ થશે જ.

લી૦ શુભેચ્છકો,

ભાદરવા વદ ૧૨
સં. ૧૯૮૫

કાન્તાબેન જોષી.
કરસનદાસ ચીતલીયા.

મંત્રીઓ, ભગિની સમાજ ગાંધીજી હીરક મહોત્સવ સમિતિ.

અનુક્રમણિકા.

ગાંધીજી

૧

ક્યાંના ?

ગાંધીજીનું ગામ કયું ?

પોરબંદર વહેલું વહેલું બોલી ઉઠશે, "હું હું, મારે ત્યાં તેમણે જન્મ લીધો છે."

અમદાવાદ કહેશે, "એમણે આશ્રમ તો મારી સાબરમતીને તટે બાંધ્યો છે ને ?

પુના પોતાનો હક આગળ લાવશે, "એમને જેલ મહેલનો વાસ મારી યરવડા જેલે જ આપ્યો હતો એ ન ભૂલતા."

બિહારના ખેડુતો કહેશે, "તમે બધા ગમે તેમ કહો પણ ગાંધીજી તો અમારા જ. અમારાં ગળીનાં ખેતરોમાં તેઓ કેટલા ભટકયા છે તે તમે શું જાણો ?"

ત્યાં તો પંજાબ ધાંટા પાડી ઉઠશે, "ગાંધીજીને જગાડનાર મારો જલિયાંવાલા બાગજ હતો એની કોઈથી ના પડાશે ?"

કલકત્તા કહેશે, "પણ અસહકારનો શંખ તો મારી ભૂમિમાં આવીને ફુંકયો ને ?"

મુંબઈ કહેશે, "પણ સત્યાગ્રહ શરૂ કરવા તો અહીંજ આવેલા ને?"

બારડોલી બોલી ઉઠશે, "મોટાંઓનાં નગારાંમાં મારી તતુડી કોઈ સાંભળશે ? ગાંધીજીએ રણમેદાન તો મારૂં જ સ્વીકાર્યું છે."

દિલ્હી ગાંધીજીને પોતાનાજ સમજે છે, કારણ કે ૨૧ ઉપવાસના પવિત્ર દિવસો ગાંધીજીએ ત્યાં ગાળેલા. બેળગાંવને પોતાનો દાવો સૌથી ચડિયાતો લાગે છે. ભારતવર્ષના પ્રમુખનો તાજ બેળગાંવની મહાસભામાંજ ગાંધીજીને પહેરાવ્યો હતો ને?

પર્વતરાજ હિમાલય મનમાં હસે છે, "કોણ આ બધાંની સાથે ઝગડામાં ઉતરે? ગાંધીજી પોતાના મનમાં કોને ઝંખે છે એ તેઓ બાપડાં શું જાણે?"

૨

નાત.

ગાંધીજી જ્ઞાતે મોઢ વણિક છે. પણ તેઓ પોતે શું કહે છે? એકવાર સરકારે એમના ઉપર રાજદ્રોહનો કેસ કર્યો હતો.

અમદાવાદની અદાલતમાં કામ ચાલ્યું.

અદાલતમાં ન્યાયાધીશ નામ ઠામ પૂછેજ ને!

"તમારૂં નામ શું?"

—મોહનદાસ કરમચંદ ગાંધી.

" ક્યાંના રહીશ ?"

—સત્યાગ્રહાશ્રમ, સાબરમતીના.

" શો ધંધો ?"

—વણકર અને ખેડૂતનો.

આ છેલ્લો જવાબ સાંભળીને ન્યાયાધીશ સજ્જડ થઈ ગયો. લોકો પણ તાકી રહ્યા.

૩

પૂતળીબાઇ.

ગાંધીજીની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેઓ બહુ ભાવિક હતાં. પૂજાપાઠ વિના કદિ ન જમે. હંમેશાં હવેલીએ દર્શન કરવા જાય.

અગિયારસ એક પણ જવા દે નહિ. એકટાણું કરવું એ તેમને રમત જેવું હતું.

ચોમાસામાં તેઓ એક કઠણ ટેક લેતાં. સૂરજ દર્શન દે તો જ ખાવું.

છોકરાં કહેશે, બા દોડો દોડો, સૂરજ દેખાયો. બા આવે એટલામાં સૂરજ અલોપ થઈ જાય. આમ તેમને ઘણીવાર ઉપવાસ પડે.

ગાંધીજીના માતા એવાં પવિત્ર અને ટેકીલાં હતાં.

બા.

તમે ઘણાંએ બાપુજીને જોયા હશે પણ બાને તો કોઈકજ જોયાં હશે.

બા કંઈ મોટાં માતાજી થઇને બેસી થોડાં જ રહે છે? આશ્રમમાં હોય ત્યારે તેઓ બાપુજીની ગાદી ઉપર દર્શન દેવા બેસી રહે છે શું? ના. બા તો કોણ જાણે કયાં યે ભરાઇને કામ કરતાં હોય. કાં તો રસોડામાં રોટલી વણતાં બેઠાં હોય; કે બાપુજીનું ખાવાનું તૈયાર કરતાં હોય, કે કોઈ માંદાની ચાકરી કરતાં હોય. ગાંધીજી કોઈ વાર માંદા હોય ત્યારે તેમનું માથું દાબવાનું કામ બાનું જ. તેવે વખતે તેમનાં દર્શન થઈ જાય ખરાં.

કયાંક સભા હોય ત્યાં યે બા કંઈ બાપુજીની સાથે સાથે ભાષણ કરવા મંડી પડે એવાં નથી. એ તો બહેનો સાથે જઇને છાનાં માનાં બેસી જાય, અને કોઇને જોવામાં યે આવે નહિ. અથવા મુકામ પર જઈને કામ કાજમાં લાગી ગયાં હોય.

બાને મોટાં થઇને ફરવું બિલકુલ ન ગમે. તેમને તો એકજ વાત ગમે. બાપુજીની પાછળ પાછળ ચાલવું

અને તેમની સેવા કરવી. સીતાજીએ રામ પાછળ રાજપાટનાં સુખ તજી વનવાસ લીધો. તેમ બા પણ રાજપાટ જેવાં સુખ જતાં કરી બાપુજી સાથે આશ્રમ વાસી થયાં.

સતીનાં દર્શન કરવાં હોય તેણે કસ્તુરબાને જોવાં.

૫

ત્રણ પ્રતિજ્ઞા.

મોહનદાસ મોટા થયા.

એકજણ કહેઃ—"આ છોકરાને વિલાયત મોકલો."

પૂતળીબાઈ બોલ્યાં, "ના ના, ત્યાં જાય તે વટલાઈ જાય. દારૂ પીએ, માંસ ખાય, અને અનીતિ કરે.

"પણ એને પ્રતિજ્ઞા લેવડાવીએ તો ? પછી વાંધો છે ?"

માજી કહે, "ના, તો તો વાંધો નથી."

મોહનભાઈ મોહનભાઈ, અહીં આવો."

"હાજી શું કહો છો ?"

"વિલાયત ભણવા જવું છે ?"

"હા જઇએ, પિતાજી મોકલે તો."

"માજી પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લો તો રજા મળે."

"કેવી પ્રતિજ્ઞા ?"

"એકતો દારૂ પીવો નહિ, બીજી માંસ ખાવું નહિ, ત્રીજી પારકી સ્ત્રીને મા બ્હેન ગણવી.—બોલો પ્રતિજ્ઞા લેશો. ?"

"હાજી, ઘણી ખુશીથી."

"લો ત્યારે."

"મા તમારાં ચરણમાં પડીને પ્રતિજ્ઞા લઉં છું કે—

હું દારૂ પીશ નહિ, માંસ ખાઈશ નહિ, પારકી સ્ત્રીને મા બ્હેન ગણીશ."

૬

સત્ય.

ગાંધીજી બાળક હતા ત્યારથી તેમને સત્ય પર ભારે પ્રેમ છે.

નાના હતા ત્યારે થોડો વખત તે કુસંગે ચડ્યા હતા. નાસ્તા કરવાનો ને બીડી ફૂંકવાનો છંદ લાગ્યો. એવાં કામ માટે પૈસા મા બાપ પાસેથી તો મંગાય નહિ. એટલે નોકરોનાં ખીસામાંથી પૈસા ચોરતાં શીખ્યા.

ચોરી કરે ત્યારે જીવ બળે પણ ભાઈબંધને દેખે ને બીડીનું મન થાય કે ભૂલી જાય.

એમ કરતાં કરતાં નાસ્તાપાણીનું દેવું થયું. દેવા-વાળો ઉઘરાણી કરે. હવે શું કરવું? એ લોકના સાંભળતા પૈસા માગશે તો? કદાચ ઘેર આવીને પિતાજી પાસે માગશે તો?

નોકરોનાં ખીસાંમાંથી તો પાઈ પૈસો મળે, અને દેવું ભારે વધી ગયું હતું. હવે કેમ કરવું?

એક દિવસ મોટી ચોરી સૂઝી: "હાથમાં સોનાનું કડું પહેર્યું છે. એમાંથી કડકી કાપી આપીએ તો દેવું ચૂકવાશે અને કોઈને ખબર પડશે નહિ."

ચોરી કરીને દેવું ચૂકવી તો દીધું. પણ જેને સત્ય વહાલું હતું તેને ચેન કેમ પડે?

અરરર મેં ચોરી કરી! એવા નાસ્તામાં ધુળ પડો, એવી બીડીમાં આગ પડો."

વળી વિચાર આવ્યો, અરે, આમાં તો મેં પિતાજીને પણ છેતર્યા કહેવાય. એમની પાસે જઇને મારૂં પાપ કબુલ કરીશ. તેઓ ગુસ્સો કરશે તો સહન કરીશ, મારશે તો માર ખાઈશ."

પિતાજી પાસે મોઢે બોલવાની હિંમત તો કેમ ચાલે? ગાંધીજીએ એક ચીઠી લખીને તેમાં પોતાનું બધું પાપ કબૂલ કર્યું. અને પિતાજીની માફી માગી.

ભીની આંખે અને ધ્રૂજતે હાથે ચીઠી પિતાજીના હાથમાં આપી. ચીઠી વાંચી પિતાની આંખમાં મોતી આવ્યાં; એમણે ગુન્હો માફ કરી સત્યવાદી પુત્રને છાતી સરસો ચાંપ્યો.

૭

પ્રહ્લાદ અને હરિશ્ચંદ.

આ બે સત્યાગ્રહીઓની કથા ગાંધીજીને નાનપણથી બહુ પ્રિય છે. જેને પોતાને સત્ય વહાલું હોય તેને સત્યવાદીઓની કથાઓ વહાલી હોય જ ને ?

રાજા હરિશ્ચંદ્રે સત્યને ખાતર કેટલાં દુઃખ વેઠ્યાં ? રાજ્ય ખોયું, પાટ ખોયું, સ્ત્રી વેચી, પુત્ર વેચ્યો, છેવટે પોતે પણ ચાંડાળને ઘેર વેચાયો. રૂંવાં ઉભાં થાય એટલું દુઃખ પડ્યું પણ સત્ય ન છોડયું. ગાંધીજી લખે છે કે નાનપણમાં આ કથા વાંચી હું રોઈ પડતો અને આજે પણ વાંચું તો આંસું આવે.

હરિશ્ચંદ્ર કરતાંયે પ્રહ્લાદની કથા ગાંધીજીને વધારે પ્રિય છે. હરિશ્ચંદ્ર તો રાજા હતા; અનુભવી અને ઉમરલાયક હતા. પણ પ્રહ્લાદ ?

તેતો નાનો નાજુક બાળક હતો. રાક્ષસના ઘરમાં જન્મ મળ્યો હતો છતાં તેણે રામનામ લેવાની હિંમત

ફરી. પર્વત પરથી ફેંક્યો તો યે રામનામ ન મૂક્યું, દરિયામાં ડુબાડ્યો તો યે રામનામ ન મૂક્યું, ધખધખતા થાંભલાં ને ભેટતાં પણ એ નાનો બાળક ન ડર્યો, ન રામનું નામ છોડયું.

ગાંધીજી પ્રહલાદનો સત્યાગ્રહ હમેશાં નજર સામે રાખે છે, અને ડગલે ને પગલે તેનો દાખલો ટાંકે છે: "પ્રહલાદ જેવો નાનો બાળક પણ સત્યાગ્રહનું બળ બતાવી શકે છે. સત્યાગ્રહ કરવા માટે મલ્લ જેટલું બળ જોઈએ અથવા રાજા જેટલી સત્તા જોઈએ એવું કાંઈ નથી."

૮

વૈષ્ણવ.

ગાંધીજીને પૂછીએ કે આપ કયો પંથ પાળો છો તો તેઓ કહેશે—વૈષ્ણવ પંથ.

ના સમજે તેમને નવાઈ લાગે. ગાંધીજી હવેલીએ જાય નહિ, ઠાકોરજી ઘરમાં રાખે નહિ, છપ્પન ભોગ ધરાવે નહિ, કંઠી ને માળા ધારણ કરે નહિ, જેની તેની સાથે બેસીને ખાય—

એ વૈષ્ણવ કેમ કહેવાય?

ગાંધીજી કહેશે મારે મન તો હું વૈષ્ણવજ છું. નરસૈયો વૈષ્ણવના લક્ષણ બતાવી ગયો છે તે વૈષ્ણવને હું ઓળખું છું અને તેવો વૈષ્ણવ થવા પ્રયત્ન કરી રહ્યો છું.

વૈષ્ણવ જન તો તેને કહીએ
જે પીડ પરાઈ જાણેરે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે
મન અભિમાન ન આણેરે.

સકળ લોકમાં સહુને વંદે
નિંદા ન કરે કોની રે;
વાચ કાય મન નિશ્ચળ રાખે
ધન ધન જનની તેની રે.
વૈષ્ણવ૦

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી
પરસ્ત્રી જેને માતરે;
જિહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવ ઝાલે હાથરે.
વૈષ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને
દૃઢ વૈરાગ્ય જેના મનમાંરે;

રામનામ શું તાળી રે લાગી
સકળ તીરથ તેના તનમાં રે.
વૈષ્ણવ૦

વણલોભીને કપટ રહિત છે
કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં
કુળ એકોતેર તાર્યાં રે.
વૈષ્ણવ૦

૯

રેંટિયો

" હે પ્રભુ, મોત આપે ત્યારે એવું મોત આપજે કે એક હાથમાં રેંટિયાનો હાથો હોય, બીજા હાથમાં પુણી રહી ગઇ હોય ને આંખો મીંચાઈ જાય."

આવી પ્રાર્થના કોણ કરતું હશે ?

ગાંધીજી; બીજું તે કોણ હોઇ શકે ?

એમને રેંટિયો બહુજ વહાલો છે.

રેંટિયો રોજ કાંતવો જ એવું એમને વ્રત છે. ગમે તેવું કામ હોય તો પણ ગાંધીજી રેંટિયો કાંત્યા વિના રહેતા નથી.

મુસાફરીમાં હોય ત્યાં યે તેઓ રેંટિયો સાથે રાખે છે અને ફુરસદ કાઢીને જરૂર કાંતે છે. માંદા પડ્યા હોય અને અશક્તિ આવી ગઈ હોય તો યે તેઓ કાંતવાનો આગ્રહ રાખે છે.

૧૦

ગાંધીજી કેમ રહે છે ?

ગાંધીજી કેમ રહે છે એ જાણવાની તમને ઈચ્છા છે ?

તેઓશ્રી રોજ સવારે ચાર વાગે નિયમિત જાગે છે. દાતણપાણી કર્યા પછી પ્રાર્થના કરે છે. પ્રાર્થના પછી કસરત દાખલ થોડું ફરવા જાય છે.

પાછા ફરતાં તેઓ માંદાઓને જોતા આવે છે.

પછી તેઓ રસોડામાં જઈ પોતાને ભાગે આવેલું શાક સમારવાનું કે એવું કામ કરે છે, અને નાસ્તો લે છે.

પછી તેઓ કોઈને મળવા આવવા બોલાવ્યા હોય તેમની સાથે વાતચીત કરે, અથવા ટપાલમાં પત્રો આવ્યા હોય તેના જવાબો આપે, અથવા નવજીવન માટે લેખો લખે.

શૌચ સ્નાન ભોજનનો સમય થતાં તે પતાવીને વળી પાછા ઉપર પ્રમાણે કામે બાઝી જાય.

બપોરે તેઓશ્રી નિયમિત રેંટિયો કાંતે છે. ઓછામાં ઓછું એક કલાક કાંતવું અને ઓછામાં ઓછા ૧૬૦ તાર કાંતવા એવો તેમનો નિયમ છે. કાંતવા માટે પુણી જોઈએ તે તેઓ જાતે પીંજીને વાળી લે છે. સાંજે તેઓ સૂર્યાસ્ત પહેલાં ભોજન કરી લે છે. અને ભોજન કરી થોડુંક ફરવા જાય છે.

પ્રાર્થનાનો ઘંટ થાય તે સાથે ફરીને પાછા આવી પહોંચ્યા હોય જ.

વળી તેઓ સમય પત્રક પ્રમાણે બ્હેનોના વર્ગમાં અથવા વિદ્યાર્થીઓના વર્ગમાં અથવા બાલમંદિરમાં જઈને શિખવવાનું પણ રાખે છે.

આમ આખો દિવસ કામ કરી ગાંધીજી રાત્રે નવ વાગે સૂઈ જાય છે. પણ ઘણીવાર કામ એટલું બધું હોય કે બહુ મોડે સુધી જાગીને પૂરૂં કરે. પણ મોડા સૂતા હોય તો યે સવારમાં ચાર વાગે જાગવાનું એમાં તો ફેર ન પડે.

૧૧

સત્યાગ્રહીની દિન ચર્યા.

સત્યાગ્રહીની દિનચર્યા કેવી હોય તે જોઈ?

એમાં એક પણ પળ આળસમાં ગાળેલી જોવામાં નહિ આવે.

ગાંધીજીની દિનચર્યામાં બીજી ખુબી એ છે કે તેઓ પોતાનાં દિવસનાં કામનું સમય પત્રક બનાવે છે અને તે પ્રમાણે મિનિટે મિનિટ ઉતારે છે. જે કામને માટે જે કલાક નક્કી થયો હોય તે કામ તેજ કલાકે શરૂ કરે અને તેજ કલાકે પુરૂં કરે. પોતાનો આખો દિવસ તેઓ ઘડિયાળને કાંટે પસાર કરે છે.

દિવસે શું શું કામ ક્યારે કર્યું, એની રોજનિશિ પણ તેઓ રાખે છે અને રાત્રે સુતાં પહેલાં તે જોઈ જાય છે.

૧૨

મૌનવાર.

ગાંધીજી દર સોમવારે મૌન પાળે છે. એટલે તે દિવસે તેઓ બોલતા નથી. ગમે તેવું કામ આવી પડે તો યે મૌન તોડે નહિ. જરૂર પડે તો કાગળમાં લખીને કહેવું હોય તે કહે, પણ બોલે તો નહિજ.

અઠવાડિયામાં એક દિવસ આવું મૌન રાખવાથી તેમને ઘણી શાંતિ મળે છે. તે દિવસે વાતોચિતો કરવાની હોય નહિ, સભાઓમાં ભાષણો કરવાના હોય નહિ, એટલે રખડપટ્ટી તે દિવસે આપોઆપ બંધ રહે.

મૌનવારની શાંતિમાં તેઓને સારી પેઠે આરામ મળે છે. પણ આરામનો ઉપયોગ તેઓ કેવો કરે છે?

ગાંધીજી કાંઈ આરામનો દિવસ ઊંઘીને તો કાઢેજ નહિ. આખા અઠવાડિયાનું ઢગલો કામ ચઢ્યું હોય, તે બધું મૌનની શાંતિમાં પતાવીને તેઓ હળવા થાય છે.

મૌન રાખવાથી કામ કરવામાં કેવો આનંદ આવે છે, એનો અનુભવ લઈ જોવા જેવો છે.

૧૩

ગાંધીજીની ખાસિયતો.

ગાંધીજીની કેટલીક ખાસિયતો જાણવા જેવી છે.

તેઓ કદી ધીરા ધીરા ચાલતા નથી. પણ હંમેશાં ચેતનથી ચાલે છે.

તેઓ ઢીલા કદિ બેસતા નથી. હંમેશાં ટટ્ટાર અને સ્થિર આસન લગાવીને બેસે છે.

તેઓ ટેબલ પર એઢેલીને લખતા નથી. ટટ્ટાર બેસી, ઘુંટણ પર કાગળ રાખીનેજ લખે છે.

તેઓ લખેલું ફરીથી વાંચ્યા વગર આગળ જવા દેતા નથી. પોષ્ટકાર્ડ લખે તો પણ વાંચી, સુધારા વધારા કરવા ઘટે, તે કરી પછીજ ટપાલમાં નાંખે છે.

તેઓને સ્વચ્છતા અને સુઘડતા ઘણીજ પ્રિય છે. તેથી તેમનાં કપડાંલત્તાં અને બીજી ચીજો હુંમેશાં ઘણીજ સ્વચ્છ અને ટાપટીપથી રહે છે.

જે કાંઈ કામ કરે તે ગાંધીજી ઝીણવટથી કરે છે.

ગાંધીજી કોઈ દિવસ ફોટો પડાવવા બેસતા નથી.

ગમે તેવા કામમાં હોય, પણ કોઇ બાળરાજા આવી ચડે તો ગાંધીજી જરા ગેલ કરી લીધા વિના ભાગ્યેજ રહે.

વાતચીત કરતાં ગાંધીજી ખડખડાટ હસીને ફુલ વેરે છે.

૧૪

આશ્રમ—૧.

ગુજરાતના પાટનગર અમદાવાદ શહેરની નજીક સાબરમતી નદીને કાંઠે ગાંધીજીનો આશ્રમ છે.

આશ્રમમાં ગાંધીજી રહે છે. કસ્તુરબા રહે છે, અને બીજાં ઘણાં ભાઇઓ, બ્હેનો, બાળકો, અને બાલિકાઓ રહે છે.

તેમાં ગુજરાતના છે, મહારાષ્ટ્રના છે, પંજાબના છે, સિન્ધના છે, મદ્રાસના પણ છે, નેપાળના પણ છે,

હિન્દુસ્તાનના છે, ને હિન્દુસ્તાન બહારના ગોરા પણ આવી ને રહે છે.

તેઓ સૌ ખાદી પહેરે છે અને નિયમિત રેંટિયો કાંતે છે.

તેઓ સવારે ચાર વાગે ઉઠી પ્રાર્થના કરવા ભેગાં થાય છે, અને પાછા સ્હાંજે પણ પ્રાર્થના કરવા ભેગાં મળે છે. ત્યાં તેઓ શ્લોકો બોલે છે, પંડિતજી ભજન ગવડાવે તે ગાય છે, અને રામધૂન મચાવે છે. વળી તેઓ ગીતાજીનું પારાયણ પણ કરે છે. પ્રાર્થના પછી ગાંધીજી પ્રવચન કરે છે.

આખો આશ્રમ એક રસોડે જમે છે. રસોઈમાં તેઓ, મસાલા, મરચાં, હીંગ, વધાર એવું એવું નાંખતા નથી. પણ સાદો અને સ્વચ્છ ખોરાક બનાવે છે, અને નિયમિત વખતે સૌ સાથે મળીને અને શાંતિમંત્ર ભણીને જમે છે. ઘણીવાર ગાંધીજી પોતે પીરસે છે.

આશ્રમમાં અન્ત્યજો સૌની સાથે રહે છે અને સૌની સાથે આશ્રમને રસોડે કામ કરે છે, તથા ભોજન લેછે.

આશ્રમમાં સ્વચ્છતાની ચીવટ બહુ રખાય છે ગમે ત્યાં થુંકાય નહિ, કાગળિયાં વેરાય નહિ, એઠવાડ ઢોળાય નહિ, લઘુશંકા થાય નહિ.

આશ્રમવાસીઓ જ્યાં ત્યાં શૌચ જઇને જંગલ બગાડતા નથી. સુંદર હવા અજવાળાંવાળી ઓરડીઓમાં પાયખાનાં ગોઠવે છે અને શૌચ ગયા પછી સ્વચ્છ માટી ઢાંકી દે છે. આશ્રમવાસીઓ જાતે આ પાયખાનાંની સફાઈ કરે છે. આશ્રમની વાડી એ ખાતરને લીધે ખીલી ઉઠી છે.

૧૫

આશ્રમ—૨.

ગાંધીજીના આશ્રમમાં એક છાત્રાલય છે. તેમાં દેશદેશના વિદ્યાર્થીઓ રહે છે. કોઈ કાંતતાં શીખે છે, કોઈ પીંજતાં શીખે છે. કોઈ હાથશાળ પર ખાદી વણતાં શીખે છે. કોઈ વિદ્યાર્થીઓ વળી સુથારી કારખાનામાં રેંટિયા ઘડતાં શીખે છે.

આશ્રમમાં છોકરાઓ અને છોકરીઓ રહે છે તેઓ પણ આ બધા ઉદ્યોગો શીખે છે. તે અર્થે તેઓ ભણે છે પણ ખરાં.

આશ્રમમાં બ્હેનોનો સ્ત્રીનિવાસ છે. તેઓ રોજ એકઠાં મળીને પ્રાર્થના કરે છે; થોડીવાર અભ્યાસ કરે છે, અને કાંતે પીંજે તો ખરાંજ. આશ્રમનું મોટું રસોડું આ આશ્રમવાસી બ્હેનોજ ચલાવે છે. તેઓ

વારાફરતી રસોઇ કરે છે, અને કોઠારમાં અનાજ સાફસુફ કરે છે.

આશ્રમમાં ન્હાનાં ન્હાનાં બાળકોનું બાળમંદિર પણ ચાલે છે, પરંતુ તે માટે કાંઈ જુદા શિક્ષકો રાખે ? ના. બાળમંદિર આશ્રમવાસી બ્હેનોજ ચલાવે છે.

બાકી આશ્રમમાં સુંદર ગૌશાળા છે. તેમાં ઘણી ગાયો છે. આશ્રમમાં આ ગાયોનુંજ દૂધ વપરાય છે.

આશ્રમમાં એક ન્હાનું સરખું ચર્માલય પણ કાઢયું છે. તેમાં મુએલા ઢોરનું ચામડું કેળવે છે. કતલ કરેલાં ઢોરનું ચામડું પહેરવું સારૂં નહિ તેથી ઘણા એ ચામડાનાં જોડા ચંપલ વગેરે વાપરે છે.

આશ્રમમાં ખેતી વાડી પણ થાય છે. તેમાં ફળ-ઝાડો કર્યાં છે, જાતજાતનાં કપાસનાં છોડ ઉછેર્યાં છે. અને શાકભાજી પણ કરે છે. ખેતરોમાં અનાજ અને કપાસ થાય છે.

આ બધાં કામકાજમાં આશ્રમવાસી ભાઇઓ બ્હેનો અને બાળકો ભાગ લે છે. તેઓ વારા પ્રમાણે રસોડામાં કામ કરે છે, પાણી ભરે છે, વાસણ માંજે છે, વાળે છે, ગૌશાળાનું વાસીદું કરે છે. પાયખાનાં સાફ કરે છે, અને વાડીમાં કામ કરે છે.

ઉગ્યાથી આથમ્યા સુધી ગાંધીજીનો આશ્રમ મધ-પૂડાની જેમ ઉદ્યોગથી ગાજી રહે છે. ગાંધીજીએ તેનું નામ "ઉદ્યોગ મંદિર" પાડયું એ તદ્દન યોગ્ય છે.

૧૭

આ કાંઠે ગંગાને પેલે કાંઠે જમનાં.

ગોકુળિયાનું ગીત આવડે છે ને ?

આણે કાંઠે ગંગા વહાલા,
ઓલે કાંઠે જમનારે;
વચમાં ગોકુળિયું રૂડું ગામ,
રૂડું ગામ—રૂડું ગામરે.

ગાંધીજીના આશ્રમનું યે તેવું છે. એની એક તરફ દૂધેશ્વર સ્મશાન છે.

સત્યાગ્રહીઓને શોભે એવુંજ સ્થાન ગાંધીજીએ ખોળી કાઢયું છે. સત્યાગ્રહીને જેલનોયે ભય નહિ અને મૃત્યુનોયે ભય નહિ. બન્ને તેનાં વહાલાં પડોશી.

આશ્રમવાસીઓને જેલ ચીંધીને ગાંધીજી કહે છે, કોઈક દિવસ આપણે ત્યાં રહેવા જવાનું છે. માટે ત્યાંના કેદીઓ જેવી સખ્ત જીંદગી ગાળતાં શીખી જાઓ.

દૂધેશ્વર બતાવીને તેઓ કહે છે, જ્યાં આપણે રોજ ફરવા જઇએ છીએ ત્યાં જતાં આપણને ભય શો ? માટે દેશ માટે મરવાને હમેશાં તૈયાર રહો.

આવાં સ્થાને કોણ રહેવા આવે ? જેમને દેશ સેવાના પાઠ લેવા હોય, જેમને ગાંધીજીનો સત્સંગ લેવો હોય, જેમને પવિત્ર અને ઉદ્યમી જીવન ગાળવું હોય.

૧૮

બાળ–લાકડી.

ગાંધીજી ફરવા જાય છે ત્યારે કેટલાંક બાળકો તેમની સાથે જોડાઈ જાય છે, અને બાપુજી સાથે ગપ્પાં હાંકવાની મઝા મેળવે છે.

બાપુજીની સાથે ફરવા જવામાં એક ખરેખરી મઝા તો બીજી જ છે. ચાલતાં ગાંધીજીને લાકડીનો જરા ટેકો જોઇએ ને ? આ બાળકો તેમનાં પડખાંમાં ભરાઈ જાય, અને બાપુજીના હાથ પોતાના ખભા ઉપર ઝીલે છે.

આમ બે તરફ બે જીવતી લાકડીઓ અને વચ્ચે બાપુજી ! વાતો કરતા જાય અને હવા ખાતા જાય.

ગાંધીજી એમને પોતાની બાળ–લાકડીઓ કહે છે, અને આશ્રમનાં બાળકોને ઘણા દિવસ બાપુજીની લાકડી થવાનું મળ્યું ન હોય તો તેમને ગમતું નથી.

પણ બાળ લાકડી થવું સાવ સહેલું ન સમજશો.

ગાંધીજી ઘરડા એટલે ધીરે ધીરે ડગમગુ ચાલતા હુશે એમ કોઈ રખે ધારી લેતા. એમને તો " કદમ જોશ " ચાલથી ચાલવાની ટેવ છે. બાળ–લાકડીઓ બહુ નાની હોય તો તો બિચારીઓને દોડવુંજ પડે.

વળી ફરવાની મઝામાં અને વાતોની લહેરમાં બાળ–લાકડીઓને પ્રાર્થનાના સમયનું ભાન ન રહે, પણ બાપુજી થોડાજ ભૂલે ? વખત થવા આવ્યો હોય તો ગાંધીજી માંડે દોડવા. પછી બાળ–લાકડીઓને પણ દોડયા વગર છૂટકો ?

૧૯

પોશાક.

પહેલાં ગાંધીજી કોટ, પાટલૂન અને ટોપો પહેરતા.

પછી તેમણે પહેરણ અને લૂંગી પહેર્યાં ત્યાર પછી તેઓ ધોતિયું, અંગરખું તથા ફેંટો ધારણ કરવા લાગ્યા.

તે બાદ ગાંધીજીએ ખાદીની પોતડી, ખાદીનું પહેરણ અને ખાદીની ટોપી પહેર્યાં. આજે તેઓશ્રીનો પોશાક કેવો છે ? કેવળ કચ્છ.

૨૦

લૂંગી કેમ પહેરી ?

પોશાકમાં આવા ફેરફારો ગાંધીજીએ કેમ કર્યાં એ જાણવા જેવું છે.

તેઓશ્રી જુવાનીમાં દક્ષિણ આફ્રિકામાં રહેવા ગયા હતા. ત્યાં વકીલાત કરતા અને બધા વકીલ બારીસ્ટરોની જેમ પરદેશી ઢબનો પોશાક પહેરતા.

પણ એ દેશમાં હિન્દીઓનું પારાવાર અપમાન થતું હોવાથી ગાંધીજીએ આપણી પ્રજાને કેળવી સત્યાગ્રહ કર્યો.

એમની સેનામાં ગરીબ હિંદી મજુરો હતા. તેમની સરદારી લેવી અને એમના કરતાં સારા પોશાક પહેરવા, સારા ખોરાક ખાવા એ કેમ ફાવે ? અને ગાંધીજી જેવા સત્યાગ્રહી સરદારથી તો એ ભેદ કેમ જ સહન થાય ?

તે વખતથી તેમણે નિશ્ચય કરી નાંખ્યો કે અમારા મજુર ભાઈઓ જેવાં જ કપડાં હું પહેરીશ.

હવે એ સત્યાગ્રહી મજુરો ઘણા ખરા મદ્રાસીઓ હોવાથી લૂંગી અને પહેરણ પહેરવાનો તેમનો રિવાજ હતો. એટલે સત્યાગ્રહી સૈન્યના સરદારે પણ લૂંગી

પહેરણ પહેર્યાં. અને પરદેશી ઢબના કોટ પાટલૂનને વિદાય આપી.

૨૧
કાઠિયાવાડી પોષાક.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં હિંદીઓની જીત થયા પછી ગાંધીજીએ વિચાર્યું કે હવે દેશમાં જઈ ભારત માતાની સેવા કરવી.

પણ દેશમાં જઈને પોશાક કેવો રાખવો? ગાંધીજી તો સત્યાગ્રહી રહ્યા અને આવી ઝીણી વાતમાં પણ સત્યની શોધ કરીનેજ પગલું ભરનારા રહ્યા. તેમને ફાવે તેવો પોશાક પહેરીને દેશમાં ઉતરવું પસંદ કેમ હોય? ઘરને આંગણે આવીને વિલાયતી કોટ પાટલૂન પહેરવાના તો હોય જ નહિ. લૂંગી પણ પરદેશમાં લૂંગીધારી લોકો સાથે પહેરી તે શોભી. પણ તેયે દેશમાં ન શોભે.

વિચાર કરતાં તેમણે નિશ્ચય કર્યો કે જન્મભૂમિ કાઠિયાવાડનો પોશાક પહેરીનેજ હિંદભૂમિને કિનારે ઉતરીશ.

એ રીતે હિન્દુસ્તાન પાછા ફર્યા પછી ગાંધીજી ધોતિયું અને અંગરખું પહેરતા, અને સાદો ખેસ રાખતા અને માથે ધોળો ફેંટો બાંધતા.

૨૨
ખાદી.

પહેલાં ગાંધીજીને રેંટિયો કયાં જડયો હતો? તે વખતે કાંતતાં કોને આવડતું હતું? તે વખતે શુદ્ધ ખાદીમાંયે કોણ સમજતું હતું?

એ બધું પાછળથી સમજાયું. તે પહેલાં ગાંધીજી સ્વદેશી મીલનાં કાપડમાંથી કપડાં કરાવતા.

પછી વળી કેટલાક હાથ સાળ ઉપર વણતા શીખ્યા. પણ હાથનું કાંતેલું સૂતર કયાંથી લાવે?

એમ કરતાં કરતાં માંડ માંડ ગંગાબ્હેન મજમુદાર મળી ગયાં. તેમની મદદથી રેંટિયો હાથ આવ્યો.

પછી તો ઘણા કાંતતાં શીખી ગયા અને રેંટિયે કાંતેલું સૂતર વણાવા પણ લાગ્યું.

હવે ગાંધીજી મીલનું કાપડ શાના વાપરે? શુદ્ધ ખાદીનાંજ લૂગડાં ત્યારથી તેમણે પહેરવાં માંડયાં.

૨૩
ખોટી સભ્યતા.

તેઓ ખાદીનાં લૂગડાં પહેરવા લાગ્યા ખરા, પણ પૂરાં લૂગડાં પહેરતા.

એટલે ખાદીનું લાંબું ધોતિયું હોય, પહેરણ અને જેની ઉપર લાંબી બાંયનું અંગરખું હોય, માથે ખાદીનો લાંબો ફેંટો અને ખભે ખાદીનો લટકતો ખેસ હોય.

એટલાં બધાં લૂગડાં પહેરીને ફરવું તેમને ગમે તો નહિ પણ સભ્યતા દાખલ પહેર્યા કરતા.

પણ પ્રસંગ બન્યો. ગાંધીજીને થઈ ગયું કે ખોટી સભ્યતાને ખાતર હું આટલાં નકામાં કપડાં કેમ પહેરી શકું ?

એ પ્રસંગમાંથી જ ખાદીની ટોપીનો જન્મ થયો.

૨૪

ખાદીની ટોપી.

અમદાવાદની મીલોના મજૂરોને શેઠિયાઓ સાથે તકરાર પડી.

તેમણે હડતાળ પાડી. એમની આગેવાની અનસૂયા બહેને લીધી, અને અનસૂયા બહેન આગેવાની લે તેમાં ગાંધીજી તો હોયજ ને ?

લડત લગભગ મહિનો ચાલી, ગાંધીજી રોજ મજૂરો પાસે જાય અને તેમને રોજ બોધ આપે.

ગરીબ મજૂરોના રોજ પડ્યા કરતા હતા, તેમને ખાવાના સાંસા હતા, છતાં તેઓ ઉત્સાહથી ગાંધીજીનો ઉપદેશ સાંભળવા આવતા અને હડતાળ પર અડગ રહ્યા હતા.

દિવસે દિવસે ગાંધીજી મજૂરોમાં અને મજૂરો ગાંધીજીમાં જાણે તદાકાર થતા ચાલ્યા.

ભેદ જેવું દેખાતું તે ગાંધીજીને ડંખવા લાગ્યું. "આ મજૂરોને પહેરવા ચીંથરાંના સાંસા ને મારે શા માટે આટલાં બધાં કપડાં? મારા આ લાંબા ફેંટામાંથી તો દસ ટોપીઓ થાય અને દશ માણસોનાં માથાં ઢંકાય"

ત્યારથી તેમણે ફેંટો ઉતારી ધોળી ટોપી શરૂ કરી. ધોતિયું ટૂંકું કર્યું. અને લાંબું અંગરખું નકામું ગણીને ઉતારી નાંખ્યું. આ પ્રમાણે મજૂર સાથે પોતાની એકતા સાંધી ત્યારે ગાંધીજીનો સત્યાગ્રહી આત્મા સંતોષ પામ્યો.

૨૫

ધોળી ટોપી!

ગાંધીજીએ ધોળી ટોપી પહેરવા માંડી ત્યારે લોકોને નવાઈ લાગી.

" ધોળી ટોપી ? અરે, પણ ટોપી તે ધોળી હોય ? રાતી હોય, લીલી હોય, પીળી હોય, કાળી હોય, પણ પણ ધોળી ટોપી તે વળી હતી હશે ? "

" અલ્યા જુઓ તો ખરા, ગાંધીજીએ ધોળી ટોપી પહેરી ! " એમ કહી લોકો હસે. કોઈ કહેશે, " આ તો જાણે કાશીના ચોખા જેવી ટોપી ! "

પણ લોકો હસે તેથી ગાંધીજી કાંઈ ડગે ? " ભલે તેમની આંખને ધોળી ટોપી ભૂંડી દેખાય, પણ ખાદી નકામી જતી ઉગરે છે ને ? "

કોઈ કહે, " ખાદીની ટોપી પહેરો એની ના નથી. પણ રંગીન પહેરો તો ઝટ મેલી ન થાય ને ? "

ખરી રીતે મેલતો ધોળીને લાગે તેવો કાળીને પણ લાગે. પણ કાળાંમાં કાળું મળી જાય તેથી મેલ દેખી ન શકાય.

ગાંધીજી કહે, મેલ ઢાંકવા રંગ ચડાવીએ એના કરતાં મહેનત લઈને ધોઈજ ન કાઢીએ ? ધોળી ટોપી રોજ ધોવાય ને રોજ સાફ થાય. મેલ ચડવાજ શા માટે દઈએ ?

ધોળી ટોપી જીવી ગઈ.

ધોળી ટોપી લાંબું આયુષ્ય લઇને જન્મી હતી, અને એના જનક ગાંધીજી જેવા અડગ સત્યાગ્રહી. પછી ગમે તેટલો વિરોધ નડે તોયે કેમ મરે?

એ નજ મરી અને દિવસે દિવસે ફૂલતી ને ફાલતીજ ચાલી.

ધીમે ધીમે હસનારા ચૂપ થઈ ગયા. સૌને ધોળી ટોપી ફાવી ગઈ. સૌને તે ગમી ગઈ.

ગરીબ માણસોએ સસ્તી દીઠી તેથી તેને ધારણ કરી.

ચોખ્ખા માણસોએ રોજ ધોઈને સાફસુફ રાખી શકાય એમ ધારીને તે પહેરી.

કવિઓ અને કળાકારો પણ ધોળી ટોપી પહેરીને વખાણવા લાગ્યા કે ખરી સુંદરતા આમાંજ છે, અરસિક કાળાં ડબલાં કોણ પહેરે?

સ્વયંસેવકોને તો તે રાષ્ટ્રીય પોશાક થઈ પડી. છોકરાઓ ધોળી ટોપી પહેરવામાં અભિમાન લેવા લાગ્યા, કારણ કે તે પહેરીને તેઓ ભારત માતાના સૈનિક જેવા દેખાય.

એમ કરતાં કરતાં ખાદીની ધોળી ટોપીનું નામ છપાઈ ગયું—" ગાંધી ટોપી "!

૨૭

ગાંધી ટોપી.

શેઠઃ—મહેતાજી, હવેથી તમારે ગાંધી ટોપી પહેરીને ન આવવું.

નોકરઃ—શેઠ તમે તો ન પાળી શકાય એવો હુકમ કરો છો.

શેઠઃ—તે તમે જાણો. પણ અમારે ત્યાં ગાંધી ટોપી નહિ ચાલે.

નોકરઃ—પણ મારે ખાદીનાં કપડાં પહેરવાનું વ્રત છે તે હું કેમ છોડું ?

શેઠઃ—તમને ખાદી પહેરવાની કોણ ના કહે છે ? તેને કાળી રંગાવી લો એટલે બસ.

નોકરઃ—તો પછી મને ધોળી ગમે ને હું ધોળી પહેરૂં તેમાં વાંધો શા માટે લો છો ?

શેઠઃ—નોકરી કરવી હોય તો કહીએ તેમ કરો. ધોળી ટોપી પહેરીને તમે સ્વયંસેવક જેવા દેખાઓ છો. અમારે ત્યાં સ્વયંસેવક રાખ્યો છે એમ કોઈ જાણે તો અમને ભારે નુકસાન થાય.

નોકરઃ—શેઠ, એ કંઈ સમજાતું નથી. તમારી નોકરી હું પ્રામાણિકપણે કરૂં, પછી હું ધોળી ટોપી પહેરૂં એથી તમને શી રીતે નુકસાન થાય?

શેઠઃ—જુઓ મહેતાજી, મારી સાથે ઠાલા માથું ન ફોડો. આ ગાંધી ટોપી છે અને અમારે ત્યાં ગાંધી ટોપી હોય તો ઘણાને અમારા ઉપર શક જાય.

નોકરઃ—એમાં શક કેવી રીતે જાય? ગાંધીજી તો અમારા દેશના સૌથી મહાન અને સૌથી પવિત્ર પુરૂષ છે.

શેઠઃ—તે હશે, પણ ગાંધી ટોપી કાઢીનેજ કાલથી નોકરીપર આવજો.

નોકરઃ—ટોપી તો કાઢી નહિ શકું.

શેઠઃ—તો તમે નોકરીથી છૂટા છો.

નોકરઃ—જેવી તમારી મરજી.

શેઠઃ—જો જો પછી પસ્તાશો. આવી સૂતકિયા ટોપીને ખાતર નોકરી ગુમાવી બેસો છો.

નોકરઃ—શેઠ તમારી સલાહ માટે આભાર. પણ હું પેટ માટે દેશનું અને ગાંધીજીનું અપમાન સહન કરવા માંગતો નથી. સાહેબજી.

ગાંધી ટોપીનું મુલ.

આ સંવાદ તો જોડી કાઢેલો છે. પણ સરકારી કચેરીઓમાં, પરદેશી વેપારીઓની પેઢીઓમાં અને થોડા હિંદી વેપારીઓની પેઢીઓમાં પણ આવા સાચા બનાવો બન્યા છે.

બહાદુર નોકરોએ નોકરીનો ભોગ આપ્યો પણ ગાંધી ટોપી ઉતારી નહિ.

ગાંધી ટોપીની કિંમત આમ તો ફક્ત ચારજ આના ગણાય. પણ હવે તો તેના ઉપર એટલી બધી કિંમતો ચઢી ચુકી છે કે તે અમૂલ્ય થઈ પડી છે.

પહેલી કિંમત તો એ કે તે ટોપીની શરૂઆત ગાંધીજીએ કરી.

બીજી કિંમત એ કે તે પવિત્ર ખાદીની બને છે.

ત્રીજી કિંમત એ કે તે હંમેશાં બગલાંની પાંખ જેવી સ્વચ્છ રાખી શકાય છે.

ચોથી કિંમત એ કે તે સુંદર છે.

પાંચમી કિંમત એ કે તે હલકી, સાદી અને સસ્તી છે.

છઠ્ઠી કિંમત એ કે તે આપણા રાષ્ટ્રીય પોશાકનું પદ પામી છે.

સાતમી કિંમત એ કે તેનું નામ ગાંધી ટોપી એવું છપાઈ ચૂક્યું છે.

અને મોટામાં મોટી કિંમત એ કે તેને ખાતર ઘણા દેશભક્તોએ ભોગ આપ્યા છે.

આવી અમૂલ્ય ગાંધી ટોપી પહેરતાં કોને અભિમાન ન થાય?

૨૯

એકલું પહેરણ.

ગાંધીજીનો પાડ માનો કે આપણને એકલું પહેરણ પહેરીને ફરવાની છૂટ કરી આપી.

પહેલાં તો?

ઓ બાપ રે! સૌથી નીચે ગંજીફરાક, તેના ઉપર ખમીસ, તેના ઉપર જાકીટ અને તેના ઉપર કોટ!

આટલો બધો ઠઠારો અને ઉપરથી બપોરનો ઉકળાટ. શરીર તો અંદર બટાટાની માફક બફાય, અને પરસેવે ગંધાઈ ઉઠે. પણ એ બધો પોશાક સજ્યા વિના ઘર બહાર નીકળવાની હિંમત કોની ચાલે?

કોટ ન પહેર્યો હોય તો યે અધૂરો પોશાક ગણાય ! તાપ ન ખમાય તોયે કોટ પહેરવોજ પડે ! ત્યારેજ પૂરો પોશાક પહેર્યો કહેવાય.

કોટ વિના નિશાળમાં જઇએ તો પેસવા ન દે. કહેશે-અધૂરા પોશાકે નિશાળમાં આવવાની મનાઈ છે.

કોટ વિના કોરટ કચેરીમાં જાય તો ઉભા ન રહેવા દે. કહેશે—આવા જંગલી માણસનું અહીં કામ નહિ.

બધા બફાઈ મરતા હતા. પણ જંગલીમાં ખપવાની હિંમત કોણ કરે?

સત્યાગ્રહી ગાંધીજીએ એ હિંમત કરી અને એકલું પહેરણ પહેરીને ફરવાની પહેલ કરી.

લોકો હસવા લાગ્યા. ગાંધીજી કહે, હસે તેને હસવા દો. પણ આપણા ગરમ દેશમાં એટલાં બધાં લૂગડાં લાદવાં એ જંગલીપણું છે. આપણા ગરીબ દેશમાં એટલાં બધાં નકામા લૂગડાં પહેરવાં એ પાપ છે.

પછી તો સૌને એકલું પહેરણ પહેરીને ફરવાની હિંમત આવી. શાળાના છોકરાઓ રાજી રાજી થયા. ખાદીનું પહેરણ અને ખાદીની ટોપી એ આપણો રાષ્ટ્રીય પોશાક બની ગયો.

દરિદ્રનારાયણનું દર્શન.

દેશમાં ફરતા ફરતા એકવાર ગાંધીજી ઉત્કલ પ્રાન્તમાં ગયા હતા.

ઉત્કલની ગરીબાઈની શી વાત કરવી? દુનિયામાં ગરીબ દેશ આપણો હિન્દુસ્તાન અને હિન્દુસ્તાનમાં ગરીબમાં ગરીબ ઉત્કલ. ઉત્કલમાં માણસ વસતાં નથી, જીવતાં હાડપિંજર વસે છે. દુકાળ એનો કેડો-જ છોડતો નથી. લોકોને બે ટંક ખાવાનું મળતું નથી તો પછી પહેરવાને લૂગડાં તો ક્યાંથીજ હોય?

ઉત્કલની આવી વાતો ગાંધીજીએ સાંભળી હતી પણ નજરે હવે જોયું.

ફરતા ફરતા ગાંધીજી એક ગામડામાં ગયા. ગામમાં એક તૂટેલી ફૂટેલી ઝૂંપડી જોઈ.

ઝૂંપડીમાં ભૂખી તરસી બાઈ જોઈ. બાઈના ડીલ ઉપર ફાટયું તૂટયું લુગડું હતું, પણ તેયે પૂરી કાયા ઢંકાય તેટલું નહોતું. તેણે જેમતેમ કરી કમર ઢાંકી હતી પણ છાતી પર કંઈ નહોતું.

ગાંધીજીને આ દૃશ્ય જોઈ બહુજ દુઃખ થયું. અરે રામ, મારા દેશની આટલી બધી ગરીબાઈ? એ દૂર કરવા હું કંઈ કરી ન શકું?

એમને થયું કે દરિદ્રનારાયણનાં આજે દર્શન થયાં.

૩૧

કચ્છ.

ગાંધીજી ઉત્કલની એ બાઈના અર્ધનગ્ન દેહ તરફ જોઈ રહ્યા હતા અને હૃદયમાં સમસમી રહ્યા હતા.

ત્યાં મનમાં વિચાર આવ્યો: 'આ બહેને ફાટેલું લૂગડું પહેર્યું છે એ તો ઠીક પણ તે આવું મેલું દાટ રાખે એ તો બહુ ખરાબ!

તેમણે કહ્યું, "બ્હેન, લૂગડું ધોતાં કેમ નથી? એવું આળસ ન રાખવું જોઈએ."

બ્હેન નીચું જોઈને બોલી: "આળસ નથી બાપુ, આળસ નથી. બદલવા માટે બીજું ચીંથરૂં હોય ત્યારે નહાઉં ધોઉં ને?"

બદલવા માટે ચીંથરૂંયે એને નહિ?—ગાંધીજીના હૃદયમાં ચીરો પડ્યો. આંખ ભીની થઈ. "મારી ભારતમાતાને બદલવા બીજું ચીંથરૂંયે નથી!"

એમણે ત્યાંને ત્યાં પ્રતિજ્ઞા લીધી: "સ્વરાજ્યનો સૂરજ ઉગે ને ભારતમાતાનો દેહ ઢંકાય ત્યાંસુધી હું ત્રણ ત્રણ લૂગડાં ન પહેરૂં, લાજ ઢાંકવા પૂરતો એક કચ્છ મારે બસ છે."

ગાંધીજીએ દરિદ્રનારાયણનાં દર્શન કર્યાં, તેમને ઓળખ્યા, અને ઓળખીને પૂજા પણ કરી.

૩૨

જેલ મહેલ.

ગાંધીજી જેલને ખાલી જેલ નથી કહેતા, પણ જેલ મહેલ કહે છે.

જેલથી જેઓ ડરે તેમની તો એના નામથીજ છાતી ધડકવા લાગે. ઉંચી ઉંચી દિવાલો, મોટા મોટા દરવાજા, કાળા કાળા બિહામણા પહેરેગીરો, હાથ કડીઓ અને ખણખણતી બેડીઓ! વળી દૈત્ય જેવી ચક્કીઓ પીસવાની, બળદ બનીને કોશ ખેંચવાના અને ઘાણીએ જોડાવાનું? આ બધા ઉપર વળી દરોગાનો દંડુકો!

આવા કેદખાનામાં ઘાલી દે કે પછી બહારનું કંઈ જોવાનું યે નહિ ને સાંભળવાનું યે નહિ.

ચોર લૂંટારા જેલથી થથરી ઉઠે છે.

પણ ગાંધીજીને મન જેલ બિહામણી નથી. તેમને તો એ મહેલ છે. તેઓ ત્રણવાર જેલમહેલની

મહેમાની ચાખી આવ્યા છે અને સેંકડો સત્યાગ્રહીઓને માટે એ મહેલના દરવાજા ઉઘાડી દીધા છે.

આપણે દેશસેવા કરતાં જેલ જઈએ એને વળી જેલનો ડર શો? ઉલટો આનંદજ થાય.

આપણને તો એકવાર જેલમાં દાખલ થયા કે પછી કોઈ જાતની ચિન્તાજ નહિ. ખાવાનો વખત થાય કે ખાવાનું હાજર, પહેરવાને કપડાં જોઈએ તે પણ હાજર, રહેવા માટે કોટડી પણ હાજર. કંઈ કામ પડે તો દરોગો ચોવીસે કલાક તહેનાતમાં હોયજ. આપણું રક્ષણ કરવા પહેરેગીરો ખડે પગે પહેરો ભર્યાજ કરે.

દિવસે ખૂબ મહેનત કરીએ એટલે રાત્રે મીઠી નિંદર આવી જાય.

આવું સુખ તો રાજાને એના રાજમહેલમાં પણ નથી હોતું. બિચારાને ફિકરમાં ખાવાનું ભાવતું નથી અને રાત્રે ઉંઘ આવતી નથી.

૩૩

સિગરામનું વીતક—૧.

એક વાર ગાંધીજીને ચાર્લ્સટાઉનથી જોહાનિસબર્ગ જવું હતું. એ વખતે ત્યાં ટ્રેઈન ન હતી, પણ ઘોડાની સિગરામ ચાલતી.

રીતસરની ટિકીટ કઢાવી હતી. તે લઈ સિગરામમાં બેસવા જાય છે ત્યાં ગોરા સિગરામવાળાએ રોક્યા.

"તમને નહિ બેસાડીએ. તમારી ટિકિટ તો ગઈ કાલની છે."

એ તો ગાંધીજીને અજાણ્યા જાણીને બહાનું કાઢયું હતું, બાકી તેની દાનત તો એમ કે આ કાળા 'કૂલી' ને મારા સિગરામમાં ગોરા ઉતારૂઓ સાથે ન બેસાડવો પડે તો સારૂં!

આવો સૂકો દમ તો ચાલ્યો નહિ. છેવટે ગોરાઓ સાથે સિગરામમાં તો નહિ, પણ બહાર હાંકનાર પાસે જગ્યા કરી આપી.

ગાંધીજી મનમાં ખૂબ કોચવાયા. "આવી જગ્યાએ મારે બેસવું? અંદર કેમ ન બેસાડે?"

પરંતુ આટલું અપમાન ગળી ગયા અને બહાર હાંકનાર પાસે જગ્યા આપી ત્યાં બેઠા.

૩૪

સિગરામનું વીતક—૨.

થોડે છેટે ગયા પછી સિગરામના ગોરા મુખીને બહાર ગાંધીજી બેઠા હતા તે જગાએ બેસવાની ઈચ્છા થઈ. તેને ત્યાં બેસી બીડી પીવી હતી. જરા

હવા પણ ખાવી હશે. એટલે એણે એક મેલું સરખું ગુણિયું પડ્યું હતું તે પેલા હાંકનારની પાસેથી લઈ પત્ર રાખવાના પાટિયા ઉપર પાથર્યું ને ગાંધીજીને કહ્યું, "અલ્યા સામી, તું અહીંઆં બેસ, મારે હાંકનાર પાસે બેસવું છે."

આ અપમાનથી ગાંધીજીને ઝાળ ઉઠી. પેલો પહાડ-જેવો મજબૂત હતો, અને પોતે એકલા. પણ બોલ્યાઃ

"તમે મને અહીં બેસાડ્યો એ અપમાન મેં સહન કરી લીધું. હવે તમને બહાર બેસવાની ઈચ્છા થઈ છે અને બીડી પીવી છે તેથી તમે મને તમારા પગ આગળ બેસાડવા ઈચ્છો છો. હું અંદર સિગરામમાં જવા તૈયાર છું, પણ હું તમારા પગની પાસે બેસવા તૈયાર નથી."

એટલું કહેતાં કહેતાંમાં તો પેલા ગોરાએ એમના પર તમાચાનો વરસાદ વરસાવ્યો, અને બાવડું ઝાલીને તે નીચે ઘસડવા લાગ્યો. ગાંધીજીએ બેઠક પાસેના પીતળના સળિયા જોરથી પકડી રાખ્યા અને મનમાં નિશ્ચય કર્યો કે કાંડું ખડે પણ સળિયા છોડવા નથી.

પેલો ગાળ કાઢી રહ્યો હતો, ખેંચી રહ્યો હતો.

ગાંધીજી જોસથી સળિયાને પકડી રહ્યા. ન સામા થયા, ન જગ્યા છોડી.

૩૫

બાવડું ઝાલીને ઉતાર્યા—૧.

ગાંધીજી ડર્બનથી રેલ્વે ટ્રેઇનમાં બેસી પ્રિટોરીયા જવા નીકળ્યા હતા. પહેલા વર્ગની ટિકિટ લીધી હતી.

સૌએ ચેતવ્યા હતા. 'ગાંધીભાઈ, આ હિંદુસ્તાન ન હોય હોં.' અહીં આપણા લોકને પહેલા વર્ગમાં નહિ બેસવા દે.

થોડી મુસાફરી તો નિર્વિઘ્ને થઈ. રાત્રે નવ વાગ્યાને સુમારે મૅરિત્સબર્ગ નામના સ્ટેશને ટ્રેઈન પહોંચી. ત્યાં એક ગોરો ઉતારૂ એમના ડબામાં બેસવા આવ્યો.

પણ અરે, આ કોણ? આ તો પહેલા વર્ગના ડબામાં 'કૂલી' ચડી બેઠો છે?

આવનારો ગોરો મોઢેથી તો કંઈ ન બોલ્યો. પણ તરત બહાર જઈ સ્ટેશનના એક બે અમલદારોને તેડી લાવ્યો. અમલદારો જોયા કરે પણ કોઈની કંઈ બોલવાની હિંમત ન ચાલે. છેવટે એક અમલદારે ગાંધીજી પાસે જઈને કહ્યું, "જરા આમ આવો તો, તમારે છેલ્લા ડબામાં જવાનું છે."

ગાંધીજીએ કહ્યું, "મારી પાસે પહેલા વર્ગની ટીકીટ છે."

તેની ફિકર નહિ. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે."

"હું કહું છું કે મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે, અને હું તેમાંજ જવા ધારૂં છું."

૩૬

બાવડું ઝાલીને ઉતાર્યા—૨.

જવાબ સાંભળી અમલદાર તો ચોંકીજ ગયો. અરે, એક ગોરા અમલદાર સામે આ કૂલી શું બોલે છે? તે રોફમાંજ બોલ્યો: "એમ નહિ બને. તમારે ઉતરવુંજ પડશે, ને નહિ ઉતરો તો સિપાઈ ઉતારશે."

ગાંધીજીએ પણ દૃઢતાથી કહ્યું, "ત્યારે ભલે સિપાઈ ઉતારે. હું મારી મેળે નહિ ઉતરૂં".

તે રાતોપીળો થતો સિપાઇને બોલાવી લાવ્યો. સિપાઇએ ડબામાં ચઢીને ગાંધીજીનો હાથ પકડયો ને ધક્કો મારી તેમને નીચે ઉતાર્યા. એમનો સામાન ઉંચકીને નીચે નાખ્યો.

ગાંધીજી ન બીજા ડબામાં ગયા, ન સામાનને હાથ લગાડયો. અપમાનથી લોહી ઉકળી ઉઠયું હતું. પણ પ્લેટફોર્મ પર ઉભાજ રહ્યા અને ગાડી તો રવાના થઈ ગઈ.

પછી વેઈટીંગ રૂમમાં જઇને આખી રાત પડી રહ્યા. ટાઢ સખ્ત હતી. સામાનમાં ઓવરકોટ હતો. પણ ફેંકી દીધેલા સામાન સામું જોવાનું પણ તેમને મન નહોતું. કદાચ લેવા જાય ને ફરીથી અપમાન થાય તો ? એ કરતાં ટાઢે ઠુંઠવાવું તેમણે પસંદ કર્યું.

૩૭

બાવડું ઝાલીને ઉતાર્યા—૩

ગાંધીજી આ વખતે નવા નવા જ આફ્રિકા આવ્યા હતા. તાજા તાજા બારિસ્ટર થયેલા હતા. અપમાન થાય તો માથું કપાયા જેવી લાગતું. ત્યાંજ આ પહેલો ફટકો પડયો. " અલ્યા, તું ઠાલો માને છે કે હું મોટો કેળવાયલો. અમારે મન તું ' કૂલી ' જ છે."

વેઇટિંગ રૂમમાં ટાઢે ઠુંઠવાતા મનમાં કંઈ કંઈ તરંગ આવી ગયા.

" આવી રેલમાં બેસીને આગળ જવા કરતાં પાછો જાઉં ? "

ના. ના. એમ કાંઈ લીધેલું કામ અરધેથી છોડાય ?

" આવા દેશમાં કમાવા ખાતર રહેવું તેના કરતાં હિંદુસ્તાન પાછો ચાલ્યો જાઉં ? "

ના. ના. એ તો બીકણનું કામ.

" ત્યારે આ ગોરા સિપાઈ અને અમલદાર ઉપર ફરિયાદી માંડી તેમને સીધા કરાવું ? "

એમાંય શું વળે ? એથી કંઇ બધા હિંદીઓના માથા પરથી ' કૂલીપણા ' નો ટોપલો થોડોજ ઉતરશે ?

આમ વિચારો કરી ગાંધીજીએ મન માર્યું અને જાત ઉપર પડેલું અપમાન પી ગયા.

૩૮

ધક્કો—૧

ગાંધીજી એક દિવસ ઘેરથી નીકળી ખુલ્લા મેદાનમાં ફરવા જતા હતા. એ દક્ષિણ આફ્રિકાનું પ્રિટોરિઆ શહેર હતું.

રસ્તાની બાજુ પર પગથી હતી તેના ઉપર ચાલીને તેઓ જતા હતા. એજ રસ્તા ઉપર ત્યાંના વડા પ્રમુખ ક્રુગરનું ઘર આવ્યું. તદ્દન સાદું ઘર હતું, બહાર સિપાઈ પહેરો ભરે તે પરથીજ લાગે કે કોઈ રાજ-પુરુષનું ઘર છે.

રોજ આ રસ્તે થઇને જ તેઓ જતા. રોજ આ વડા પ્રધાનના ઘર પાસેથી નીકળતા. અને પહેરાવાળાની પાસે થઇને પસાર થતા, પણ આજસુધી કોઈ બોલ્યું નહોતું.

પણ આજે પહેરાવાળો બદલાયો હશે. તેને થયું, "અરે, આ કાળો 'કૂલી' પગથી ઉપર ચાલે છે? અને તે પણ વડા પ્રમુખના આંગણા પાસેજ! એને ખોડ ભૂલાવવી જોઇએ."

એ તો કંઈ બોલ્યો નહિ, ચાલ્યો નહિ, ન પગથી પરથી ઉતરી જવાનું કહ્યું, પણ પાસે જઇને ગાંધીજીને એકદમ ધક્કો માર્યો, લાત મારી અને પગથી ઉપરથી ઉતારી મૂક્યા.

૩૯

ધક્કો—૨

આ અચાનક હુમલાથી ગાંધીજી ચમક્યા. ઉભા થઇને તેઓ સિપાઇનો જવાબ લેવા જતા હતા ત્યાં સામેથી એક ઘોડેસ્વાર બોલી ઉઠયો, "ગાંધી, આ બધું મેં જોયું છે; એના ઉપર કેસ કરવો હોય તો હું સાક્ષી પૂરીશ.

આ ઘોડેસ્વાર એક ગોરો હતો અને ગાંધીજીનો મિત્ર હતો.

ગાંધીજીએ જવાબ આપ્યો, "નારે ભાઈ, એમાં કેસ શો માંડવો? એ તો અમારા બીજા બધા લોકોની સાથે વર્તતો હશે તેમ મારી સાથે પણ વર્ત્યો."

મિત્ર બોલ્યા, "નહિ નહિ, એવા માણસને તો પાઠ શીખવવોજ જોઇએ."

ગાંધીજીએ સમજાવ્યું, "બધાજ ગોરાઓ અમને 'કૂલી' ગણીને તિરસ્કાર કરે ત્યાં બિચારા આ અજ્ઞાન સિપાઇનો શો વાંક?"

પછી તો આ ગોરા મિત્રે સિપાઇને સમજણ પાડી ત્યારે તેણે જઈ તેમની માફી માંગી.

૪૦

સાચો અલંકાર.

અત્યારે તો ગાંધીજીના મોઢામાં એક પણ દાંત રહ્યો નથી. ચાવીને ખાવું હોય ત્યારે તેમને ચોકઠું ચઢાવવું પડે છે.

પણ બાર વરસ ઉપર તેમના બધા દાંત પડી ગયા નહોતા. ફક્ત આગળના બે ત્રણ દાંત ગયા હતા અને તે ભાગમાં ખાડો દેખાતો હતો.

જાણે નહિ તેને તો લાગે કે આથી તેમનું મોઢું બેડોળ બન્યું. પણ ખરી રીતે તો એ પડી ગએલા

દાંતથી એમનું મુખ શોભતું હતું. એ તેમનો સાચો અલંકાર હતો.

નાક કાનમાં કાણાં કોચાવી સોના ચાંદીની જણસો તેમાં પરોવે એ કાંઈ ખરા અલંકાર ન કહેવાય.

યોદ્ધાનો અલંકાર સોનું રૂપૂં નહિ. પણ યુદ્ધમાં મળેલો ઘા! સત્યાગ્રહીનો અલંકાર હીરામોતી નહિ, પણ સત્ય પાળતાં મળેલો ઘા.

ગાંધીજીનો દાંતનો ખાડો એ પણ કદરૂપો ખાડો ન હોતો, પણ એવોજ મોંઘો અલંકાર હતો.

૪૧

ભાઇને હાથે માર.—૧

મીર આલમ નામે એક પઠાણ દક્ષિણ આફ્રિકામાં રહેતો. ગાદલાં ગોદડાં ભરાવી વેચવાં અને તેમાંથી ગુજરાન મેળવવું એ એનો ધંધો હતો.

આ મીર આલમને ગાંધીજીની ઠીક પિછાણ હતી. કામકાજ પડતાં એ તેમની સલાહ લેતો અને તેમનું માન રાખતો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત આદરી હતી તેમાં આ પઠાણ રસ લેતો.

હવે એવું બન્યું કે સત્યાગ્રહ કરતાં ગાંધીજી અને બીજા ઘણા હિન્દીઓ બહાદુરીથી જેલમહેલમાં ગયા. આખરે સરકાર નમી અને સમાધાન થયું. કેટલાકને સમાધાન ગમ્યું નહિ. મીર આલમને પણ ન ગમ્યું અને ગાંધીજી ઉપર તેને ગુસ્સો ચડ્યો.

એ દેશમાં એક ઘણોજ ખરાબ અને અપમાનકારક કાયદો થયો હતો. આપણા લોકોએ બધાએ સરકારી પરવાના કઢાવવા અને તે સાથે લઇનેજ ફરવું, પરવાનો પાસે ન હોય તેને સજા થાય ! આ કાયદા સામે સત્યાગ્રહ ઉપાડ્યો હતો. સમાધાની એવી થઈ કે જેની ખુશી હોય તે પરવાના કઢાવે, ન કઢાવવા હોય તેને ન કઢાવવાની છૂટ.

સત્યાગ્રહની જીત થઈ. સરકારે ગાંધીને જેલમાંથી છોડી મૂક્યા. બીજા બધા સત્યાગ્રહીઓને પણ છોડ્યા. પછી જીત ઉજવવા સભા ભરાઈ.

સભામાં મીર આલમે ઉભા થઇને કહ્યું, "આમાં આપણી કઈ જીત થઈ? પરવાના કઢાવવા તો રહ્યાજ."

ગાંધીજીએ સમજાવ્યું, "જેને ન કઢાવવા હોય તેને માટે છૂટ છેજ. તમે ભલે ન કઢાવશો."

"અને આપ?"

" હું તો સૌથી પહેલો કઢાવીશ અને દશ આંગળાં આપીશ."

" લોકોને વહેમ છે કે તમે સરકાર પાસેથી લાંચ ખાધી છે."

" એવું મારે માટે કોઈ ન માને."

" ઠીક છે પણ હું ખુદાના કસમ ખાઇને કહું છું કે જે કોઈ પરવાનો કઢાવવા પહેલો જશે એને હું ઠાર કરીશ."

ગાંધીજીએ કહ્યું, " ભાઇને હાથે હું આનંદથી મરીશ. પણ સત્ય નહિ છોડું."

૪૨
ભાઇને હાથે માર—૨

આ વાતને ત્રણેક માસ થઇ ગયા. પરવાના કઢાવવાની તારીખ આવી. ગાંધીજી અને બીજા આગેવાનોએ સૌથી પહેલાં કઢાવવા જવું એમ સંતલસ કરી રાખ્યો હતો.

મીર આલમ સભામાં ખાધેલા કસમ ભૂલી ગયો નહોતો. ક્રોધે ભરાઈને તે મનમાં બોલ્યો. " જોઉં છું એ કેવા પરવાના કઢાવે છે." આમ કહી બે ત્રણ પઠાણ દોસ્તોની સાથે તે રસ્તામાં ઉભો રહ્યો.

રસ્તામાં ગાંધીજી નીકળ્યા. પહેલાં તો તેમને મળે ત્યારે મીર આલમ સલામ ભરીને માન બતાવતો. પણ આજે તેણે સલામ ન ભરી, ગાંધીજીએ તેની આંખ પારખી, તેમાં ખૂન હતું. જાણ્યું કે આજે કંઈક નવા જૂની થવાની છે.

પઠાણે સલામ ન કરી તો ગાંધીજી એજ કરી અને પૂછ્યું "કૈસે હો ?" તેણે ગુસ્સામાં માથું નમાવી કહ્યું. "અચ્છા હૈ."

વખત થયો એટલે ટોળી પરવાના કઢાવવા ચાલી. મીર આલમ અને એના દોસ્તો યે પાછળ પાછળ ચાલ્યા. થોડું છેટું રહ્યું ત્યાં મીર આલમ ગાંધીજીને પડખે ચડયો ને કહે, "કહાં જાતે હો ?"

"દશ આંગળાં આપી પરવાનો કઢાવવા. તમારે આવવું હોય તો તમે પણ ચાલો, તમારે આંગળાં આપવાની જરૂર નથી."

આટલું બોલ્યા ત્યાં તો પાછળથી ગાંધીજીની ખોપરી ઉપર ડંડાનો સજ્જડ ફટકો પડયો. તેઓ પહેલેજ ફટકે બેભાન થઇને પડયા. બેભાન થયા પછી પણ પઠાણોએ લાકડીઓ અને પાટુઓનો માર માર્યો. ગાંધીજી સાથે બીજા આગેવાનો હતા તેમને યે બચાવ કરવા જતાં માર પડયો.

મારીને પઠાણો નાઠા, પણ રસ્તે જનારાઓએ તેમને પકડી પોલીસને સ્વાધીન કર્યા.

૪૩

ભાઇને હાથે માર.—૩

બે ભાન સ્થિતિમાંજ લોકોએ ગાંધીજીને ઉપાડી નજીકના કોઈ ઘરમાં લઈ જઈ સુવાડયા અને સારવાર કરી. તેમનો હોઠ ચીરાઈ ગયો હતો. દાંતને ઈજા થઈ હતી અને પાંસળીઓમાં દર્દ થતું હતું.

થોડી વારે ભાન આવ્યું ત્યારે ગાંધીજીએ પહેલોજ સવાલ શો કર્યો?

"મીર આલમ કયાં છે?"

સારવાર કરનારે કહ્યું, "તમે આરામ કરો, એને અને એના ગોઠિયાઓને પોલીસે પકડયા છે,"

નહિ નહિ, એ લોકોને છોડાવવાજ જોઇએ." એમ કહી તેમણે પોલીસના વડાને પત્ર લખી ભલામણ કરી કે આ પઠાણ ભાઈઓને સજા થાય એવું હું ઈચ્છતો નથી; તેમને છોડી દેવાની મારી વિનંતિ છે.

આ ભલામણનું માન રાખી પોલીસે મીર આલમ અને તેના સાથીઓને છોડી મૂકયા. જોકે પાછળથી

ગોરા લોકોએ ટીકા કરી તેથી પોલીસે તેમને ફરીથી પકડયા અને છ માસની સજા કરાવી.

આ મારને પરિણામે ગાંધીજીના આગલા દાંત ગયા. એ ખાડો તેમના મુખનો સુંદર અલંકાર હતો. તે સત્ય પાળતાં મળેલો હતો, ભાઈએ આપેલો હતો અને પ્રેમથી ઝીલેલો હતો.

૪૪

ભાઇને હાથે માર—૪.

આ કથાનો ખરો ભાગ તો હવે આવે છે.

દક્ષિણ આફ્રિકાની સરકારે પોતાનું વચન પાળ્યું નહિ એટલે ગાંધીજીએ ફરીથી લડત આપી.

લોકોને ખબર આપી દીધી કે સરકારે દગો કર્યો છે, આપણે ફરીથી સત્યાગ્રહ કરવો છે, આપણે રાજી-ખુશીથી પરવાના કઢાવ્યા છે તે ભેગા કરીને તેની હોળી કરવાની છે. માટે જેમને લડતમાં ભળવું હોય તેમણે પોતાના પરવાના મોકલવા.

લોકો ગાંડા ગાંડા થઈ ગયા. ગાંધીજીને ત્યાં પર-વાનાઓનો વરસાદ થયો.

હોળી કરવાનો દિવસ નક્કી કર્યો. તે દિવસે મોટી સભા ભરી, અને સભાની વચમાં પરવાનાઓનો ઢગલો કર્યો.

ગાંધીજીએ કહ્યું, બોલો ભાઇઓ, સૌએ રાજી ખુશીથી પરવાના બાળવા આપ્યા છે ને ?

" હાજી, રાજી ખુશીથી આપ્યા છે. "

" હજુ કોઇને પાછા લેવા હોય તો કહેજો. "

" ના, ના, અમારે પાછા નથી જોઈતા. "

" જોજો, લડત સહેલી નથી. જેલમાં જવું પડશે. "

" કાંઈ ફિકર નહિ. હોળી કરો. "

એટલામાં એક પઠાણ સભામાંથી ઉભો થયો.

" ગાંધીભાઈ, લો આ મારો પરવાનો પણ બાળો. મારા ગુન્હા માટે મને માફ કરો. મેં આપને ઓળખ્યા નહોતા. આપ ખરેખરા બહાદુર છો ! "

આ પઠાણ તે બીજો કોઈ નહિ પણ પેલો મીર આલમ જ.

ગાંધીજીએ તેનો હાથ જોરથી દબાવ્યો. આખી સભા તાલીઓના ગડગડાટથી ગાજી રહી, અને ગાંધીજીએ ચ્યાસતેલ છાંટી પરવાનાઓની હોળી કરી.

૪૫
જબરૂં તોફાન—૧

ગાંધીજી દક્ષિણ આફ્રિકા જવા આગબોટમાં બેઠા. આ તેમની બીજીવારની સફર હતી. સાથે પૂ. કસ્તુ-

રબા અને બાળકો હતાં. આગળ શું થવાનું છે તેની કોઈને ખબર નહોતી.

ડર્બનના ગોરાઓને સમાચાર મળી ગયા કે ગાંધી પાછો આવે છે. તેઓ બોલી ઉઠયા " વળી પાછો એ અમારા દેશમાં આવે છે ? એણેજ હિંદુસ્તાનમાં જઈને અમારી નાલેશી કરી ને ? એ ગાંધીએ જ અમારૂં નામ આખી દુનિયામાં બદનામ કર્યું ને ? બસ, એને પાછોજ કાઢવો. "

કોઈ બોલ્યા. " એ ગાંધી જ આપણને જંપવા દેતો નથી, અને જે તે વાતમાં " કૂલી " લોકોને આપણી સામે ઉશ્કેરે છે. બસ એને આપણા કિનારા ઉપર પગ જ મૂકવા ન દેવો."

બીજા ગરજ્યા " વળી હવે તો તે પોતાનાં બૈરી છોકરાંને પણ લઈને આવ્યો છે. એને આપણા દેશમાં અડ્ડો જમાવવો લાગે છે. જોઈએ છીએ, કેવા દાખલ થાય છે."

ત્રીજા તાડુકયા અરે, જાણો છો ? એ એકલો નથી આવતો, બે આગબોટો ભરીને " કૂલી "ઓને સાથે લે તો આવે છે. "

" બસ બસ, એને આવવા ન જ દો. "

" સરકાર પાસે મનાઈ હુકમ કઢાવો."

" સરકાર ન માને તો આપણેજ ગાંધીને ઉંચકી ને દરિયામાં ફેંકી દો. "

ડર્બનના ગોરાઓએ સાચું જૂઠું ઘણું સાંભળ્યું હતું. તેઓ બહુજ ઉશ્કેરાયા હતા.

૪૬

જબરૂં તોફાન ૨.

ગાંધીજીને કંઈ ખબર નહોતી. તેમની બોટ તો ડર્બનને બંદરે આવી પહોંચી.

બંદરના અમલદારો બોલી ઉઠયા " છેટે રહો છેટે રહો. અહીં હમણાં ઉતરવાની મનાઈ છે. તમારા દેશમાં પ્લેગ ચાલે છે, માટે તમારે કોરંટેનમાં રહેવું પડશે. "

" પણ અમારી બોટમાં કોઈ માંદું નથી. "

" તેનું કાંઈ નહિ. કોરંટેનમાં તો રહેવુંજ પડશે. "

"કેટલા દિવસ ?"

" ૨૩ દિવસ "

ગાંધીજીને નવાઈ લાગી, બંદરવાળા એકદમ આટલી કડકાઈ કેમ બતાવતા હશે ? ધીમે ધીમે ડર્બનની વાતો કાને આવતી ગઈ તેમ ભેદ સમજાવા લાગ્યો.

કોઈ આગબોટના ઉતારૂઓને દમ ભરાવવા લાગ્યા. " અહ્યાઓ પાછા ચાલ્યા જાઓ, નહિ તો દરિયામાં ડૂબાડી દેશે."

કોઇ આગબોટના માલિકને દમ ભરાવવા લાગ્યા " તારી બોટો પાછી હિન્દુસ્તાન લઈ જા, નહિ તો ખુવાર થઈશ."

પણ ધન્ય છે તેમને કે કોઈ ડર્યાં નહિ, કોઈ ડગ્યા નહિ.

૨૩ દિવસ દરિયાની હવા ખાતાં આનંદમાં પસાર કરી દીધા. કોરંટેન છૂટી. બધા હિંમતથી ડર્બનને બંદરે ઉતર્યાં. ગોરાઓ જોઈ રહ્યા.

તેવામાં એક અમલદારે સંદેશો મોકલ્યો, "ગાંધીને કહેજો કે દિવસે ન ઉતરે, નહિ તો જીવનું જોખમ છે."

પણ એક જણે પૂછ્યું, " ગાંધીજી તમને બીક લાગે છે ?"

" ના, મને તો કશી બીક નથી.

" તો પછી ચાલો ધોળે દિવસેજ. હું તમારી સાથે છું. આપણે શું ચોર છીએ કે અંધારામાં જઇએ ?"

કુટુંબને એક ગાડીમાં બેસાડી રવાના કર્યું. ગાંધીજી પેલા મિત્રની સાથે ચાલતા ડર્બન શહેરમાં દાખલ થયા.

૪૭
જબરૂં તોફાન—૩

રસ્તે ચાલતાં થોડે સુધી તો કોઇએ એમને ન ઓળખ્યા, પણ પછી કેટલાક ગોરા છોકરાઓ જતા હતા તેમની નજરે ચડ્યા. એમના જેવી પાઘડી પહેરનારા એ દેશમાં ગાંધીજી એકલાજ, એટલે તરત ઓળખાઈ ગયા.

તેમને જોયા ને છોકરાઓ બૂમ પાડી ઊઠ્યા.

" ગાંધી ગાંધી "

" એને મારો મારો "

" એને ઘેરો ઘેરો ઘેરો "

પ્રથમ બૂમ બરાડા કર્યા. તેમાંથી કાંકરા મારવા માંડ્યા. પછી તો છોકરાઓ સાથે મોટા માણસો પણ ભળ્યા.

પેલા જોડીદારે કહ્યું. " હવે જીવ લઇને નાસવું જોઇએ હોં, ચાલો રિક્ષામાં બેસીને નાસીએ. "

ગાંધીજી બોલ્યા, " રિક્ષામાં ? માણસથી હંકાતી ગાડીમાં બેસવું તો મને પસંદ નથી. "

" અરે મારા સાહેબ પસંદ ને બસંદ. આ વાદળ ઘેરી વળે તે પહેલાં નાસી છૂટવું જોઇએ. "

ભાઈબંધે રિક્ષા બોલાવી. મન મારીને ગાંધીજી તેમાં ચડવા જાય છે ત્યાં તો પેલું ટોળું રિક્ષાવાળા ઉપર ઉતરી પડ્યું.

" ખબરદાર એને બેસાડ્યો છે તો ? તારી રિક્ષા તોડી નાખશું. તારૂં માથું ફોડી નાખશું. "

બાપડા રિક્ષાવાળા હબસીનું શું ગજું ?

તે તો 'ખા' (ના) એવું એની ભાષામાં કહીને જીવ લઈ ભાગ્યો.

૪૮

જબરૂં તોફાન—૪

આગળ ગાંધીજી ચાલ્યા જાયને પાછળ ટોળું, એમ કરતાં ટોળું વધ્યું અને ગાંધીજીની પાછળ મોટું સરઘસ જામ્યું.

તોફાની ટોળામાંથી એક જાડા બળવાન માણસે પહેલ કરી. તેણે ગાંધીજીના જોડીદારને બાથમાં લઈ જૂદો પાડયો.

પછી શું પૂછવું ? ગાંધીજી ઉપર ગાળો અને પથરાઓનો વરસાદ વરસવા મંડ્યા. એક જણે પાસે

જઈ એમની પાઘડી ઉડાડી મૂકી. બીજા એક જાડા ગોરાએ થપ્પડ મારી અને પછી પાટુ મારી.

ગાંધીજીનું હવે શું ચાલે ! એ તો તંમર ખાઈને પડવાનાજ હતા, ત્યાં નજીકના ઘરની જાળી હાથમાં આવી ગઈ. એનો ટેકો લઈ ઘડીક સાસ ખાધો ને પાછા આગળ ચાલ્યા.

એવા કટોકટીના વખતે ત્યાંથી એક બહાદુર ગોરી બાઈ નીકળી, તે ડર્બનના પોલીસ અમલદારની સ્ત્રી હતી, અને ગાંધીજીની ઓળખીતી હતી. તે ગાંધીજીની પાસે દોડી પહોંચી અને તડકો નહોતો તો પણ પોતાની છત્રી ઉઘાડી તેમના માથા ઉપર ધરીને સાથે સાથે ચાલવા લાગી.

આ બહાદુર બહેનની અદબ ખાતર ટોળું જરા છેટું રહ્યું. તો પણ હજુ કોઈક કોઈક તો ધોલ થાપડનો સ્વાદ લઈ જતા હતા.

દરમ્યાન, પોલીસનાં માણસો આવી પહોંચ્યાં. તેમણે તોફાની ટોળાને વીખેર્યું અને ગાંધીજીને તેમની ઈચ્છા પ્રમાણે ડર્બનના પ્રસિદ્ધ વેપારી અને ગાંધીજીના મિત્ર પારસી રૂસ્તમજીને ઘેર પહોંચાડ્યા.

જબરૂં તોફાન—૫

ગોરાઓનું તોફાની ટોળું તે વખતે તો વીખરાયું, પણ પાછા પારસી રૂસ્તમજીના ઘર સામે હજારો ગોરા એકઠા થયા, અને હલ્લો મચાવવા લાગ્યા.

"ગાંધીજીને અમારે હવાલે સોંપી દો નહિ તો ઘર ફૂંકી મૂકશું."

પણ રૂસ્તમજી શેઠ ગભરાય એવા નહોતા.

આ વખતે ડર્બનના પોલીસ અમલદારે ભારે ચતુરાઈથી કામ લીધું. તેણે પોતાનો વિશ્વાસુ અમલદાર ઘરમાં મોકલીને ગાંધીજીને કહેવડાવ્યું, કે વેશપલટો કરીને તમે તો અહીંથી ઉપડીજ જાઓ. બીજી તરફથી પોતે ટોળામાં જઇને તેને રમાડવા લાગ્યો.

પારસી રૂસ્તમજીના ઘરના દરવાજા વચ્ચે માચડો મૂકાવી તેના ઉપર ચડી આ ચતુર અમલદારે લોકોને વાતે વળગાડયા. તે તેમને ગવડાવવા લાગ્યો; "ચાલો ગાંધીજીને દઇએ ફાંસીએ, હો પેલે આંબલીને ઝાડે ચાલો ગાંધીજીને દઇએ ફાંસીએ." ટોળું રંગમાં આવીને ઝીલતું હતું.

અમલદાર પોતાના મનમાં કહેતો હતો, " બરાડા પાડયાજ કરો બચ્ચાઓ, પણ દરવાજાનો કબજો તો મારા હાથમાં છે!"

બહાર આવો તમાશો ચાલતો હતો તે વખતે ઘરની અંદર ગાંધીજીને પેલા અમલદારે દેશી સિપાઈનો પોશાક આપ્યો. ગમ્યું ન ગમ્યું તોપણ તેમણે તે ચડાવ્યો, પછી ઘરમાંથી બન્ને જણ વખારોમાં પેઠા. છેટેની એક વખારનું બારણું ઉઘડયું. તેમાંથી બે સિપાઈઓ બહાર નીકળ્યા, ટોળા વચ્ચે પેઠા અને અને પસાર થઈ ગયા. એમની તરફ કોનું ધ્યાન જાય?

લોકોનું મનતો પેલા ગીતમાં હતું.

" ચાલો ગાંધીને દઈએ ફાંસીએ, હો પેલે આંબલીને ઝાડ!"

૫૦

જબરૂં તોફાન—૬

ગાંધીજી ગયાની બાબત મળી કે તરત પેલા અમલદારે બાજી બદલી, તેણે ટોળાને કહ્યું, " ચાલો હવે બહુ થયું. હવે સૌ ઘેર જાઓ."

" નહિ, ગાંધી લાવો, ગાંધી લાવો."

અમલદાર જરા હસીને બોલ્યો. “ પણ તમારો શિકાર છટકી ગયો હોય તો ? ”

“ અરે છટકી કેમ જાય ? અહીં આટલા બધા ઉભા છીએને. ”

“ ત્યારે હું તમને કહુંછું કે શિકાર તો તમારી વચ્ચે થઈને છટકી ગયો. ”

“ જૂઠું જૂઠું. અમે ન માનીએ. ”

“ તમારા બૂઢ્ઢા ફોજદારની વાત સાચી ન માનો તો ઘર તપાસો, પણ બેચાર માણસનું પંચ આવો તો અંદર પેસવા દઉં. ”

લોકોએ પંચ મોકલીને તપાસ કરાવી. તેમને હવે ખાતરી થઈ કે ગાંધીજી તો છટકી ગયા છે. પછી હસમુખા ફોજદારે કહ્યું. “ જુઓ, તમારી પોલીસનું માન તમે ન રાખ્યું તો પોલીસ તમારી સાથે દાવ-રમી ! અમે તો તમારા નોકર રહ્યા, ગમે તે રસ્તે અમારી ફરજ બજાવવીજ જોઈએને ? હવે મહેરબાની કરીને જાઓ, પોલીસ જીતી છે અને તમે હાર્યા છો. ”

ગુસ્સે થયેલા લોકો ખડખડાટ હસતા વીખરાઈ ગયા.

જબરૂં તોફાન—૭

તોફાનને કેટલાક દિવસ વીતી ગયા. ગાંધીજીને વાગેલો માર મટી ગયો, તોફાને ચઢેલા ગોરાઓ ટાઢા પડીને કામ ધંધે વળગી ગયા.

મારનારા ગોરાઓ ધારતા હતા કે પેલો 'કૂલી' બારિસ્ટર આપણને છોડશે નહિ, કેસ કરશે અને સજા ખવડાવશે.

સરકાર રોજ વાટ જોતી હતી કે ગાંધી આજ ફરિયાદ કરવા આવે, કાલ ફરિયાદ કરવા આવે.

પણ ગાંધીજી શાના ફરિયાદ કરવા જાય ? એમણે તો મારનારાઓને અણસમજુ ગણીને મનથી માફી આપી દીધી હતી.

એક દિવસ ગાંધીજીને ત્યાંના કોઈ મોટા અમલદારે બોલાવીને કહ્યું.

" ગાંધીજી, તમને ઈજા થઇ તે માટે અમે ખરેખર દિલગીર છીએ. ગુન્હેગારો ગોરા છે એટલે તેમને અમે સજા ન કરીએ એમ ન માનશો. સરકાર તો ઇચ્છે છે કે તમે મારનારાઓને ઓળખાવો."

ગાંધીજીએ શાંતિથી જવાબ આપ્યો.

"તમારી લાગણી માટે ઉપકાર માનુ છું. પણ મને કોઈના ઉપર ક્રોધ નથી."

"પણ તમે ગુન્હેગારોને ઓળખો તો ખરાને?"

"કદાચ એકાદ બેને ઓળખું. પણ એ બિચારાનો કંઈ વાંક નહોતો એમ હું માનું છું."

"એમ કેમ કહો છો, ગાંધીજી એ દુષ્ટોએ તમને માર્યા નથી શું?"

ગાંધીજીએ ખોટી શરમ ન રાખતાં મોઢે સંભળાવ્યું: "તમારા જેવા આગેવાનો એ ભમાવ્યા તેથી એમણે તોફાન કર્યું. માટે ખરા ગુન્હેગાર તો તમે છો. એમને બિચારાઓને શા માટે સજા કરાવું?"

૫૨

આપણા પાપનું ફળ.

ગોરાઓ આપણને "કૂલી" કહે છે ત્યારે આપણને દુઃખ લાગે છે.

ત્યારે આપણે અંત્યજને ઢેડા, ભંગીઓ, એવું કહીએ ત્યારે તેને કેવું થતું હશે?

તેમનું આપણે કેટલું બધું અપમાન કરીએ છીએ?

તેમને આપણે અડીએ નહિ, તેમને આપણા ગામમાં રહેવા દઈએ નહિ; તેમને ગામમાં થઇને નીકળવું હોય તો આમ સાદ કરતા નીકળવું પડે.

" છેટા રહેજો માબાપ ! "

" અડતા નહિ માબાપ ! "

" તમારા ભંગી છીએ માબાપ ! " કેટલું ભયંકર અપમાન !

તેઓ પાણી વિના ટળવળે, પણ આપણે કુવે તેમને પાણી ભરવા દઈએ નહિ.

ગામનાં બધાં છોકરાં નિશાળમાં ભણે, પણ તેમનાં છોકરાંને આવવા દઈએ નહિ.

મંદિરમાં આખું ગામ દેવદર્શને જાય, પણ તેમને માટે દેવનાં દ્વાર પણ બંધ.

રેલગાડીમાં બધા બેસીએ, પણ ઢેડ આવે તો 'જગ્યા નથી જગ્યા નથી' એમ બરાડી ઉઠીએ.

આ કાંઈ જેવું તેવું દુ:ખ છે ?

તેઓ આપણાં આંગણાં ઉજળાં કરે, આપણું ગામ ચોખ્ખું કરે, આપણાં લૂગડાં વણી આપે, છતાં આપણને તો કશું નજરમાં જ નહિ. આ સેવાના બદલામાં

આપણે એમને શું આપીએ છીએ? આપણા ભાણામાં વધેલા એઠા ટુકડા?

આપણા પાપનો તાગ નથી. પછી આપણે દેશ પરદેશમાં કેમ હડધૂત ન થઈએ? ઈશ્વરે આપણને આપણા પાપનું ફળ આપ્યું છે, એમ ગાંધીજી માને છે. તેથી તેઓ અંત્યજની સેવા કરે છે. અંત્યજને અડવામાં પાપ નથી પણ પૂણ્ય છે એવો ઉપદેશ કરે છે.

૫૩

અંત્યજ પહેલા.

એક ગામમાં સભા હતી. તેમાં ગાંધીજીનું ભાષણ થવાનું હતું.

ગાંધીજીનું ભાષણ સાંભળવાનું કોને મન ન હોય? ગામમાંથી વાણિયા ચાલ્યા, બ્રાહ્મણ ચાલ્યા, પટેલિયા ચાલ્યા, ગરાસિયા ચાલ્યા, સઈ ને સૂથાર ચાલ્યા, ઘાંચી ને મોચી ચાલ્યા. અઢારે વર્ણ ઉપડ્યા.

ઢેડવાડાના ઢેડ પણ કહે, અલ્યા ચાલો આપણે પણ સભામાં જાઇએ. આપણા બાપુજી પધારવાના છે. એમની સભામાં ગયા વિના કેમ ચાલે?

તેઓ પણ સભામાં ગયા.

સભાવાળાઓએ ઢેડને ઓળખી કાઢ્યા. " અલ્યા આ તો ઢેડ છે, અરે અહીં નહિ; અહીં નહિ, પાછા જાઓ પાછા, સભામાં તમારૂં શું કામ હોય ? " સભામાં બિચારાઓનો ધડો ન થાય.

" બાપા અમને બેસાડો ને બાપુજી તો અમારા યે ખરા ને. "

કોઇને દયા આવી. પછી સભાવાળાને સમજાવી ઢેડ માટે થોડે છેટે જગ્યા કાઢી આપી. " બેસો અહીં, પણ જો જો પાસે આવીને કોઇને અડતા નહિ. "

" ના બાપા, પાસે નહિ આવીએ "

આમ સભા ચિકાર ભરાઈ ગઈ. વખત થયો કે ગાંધીજી પધાર્યા. ' વંદે માતરમ્ ' ' મહાત્મા ગાંધીકી જય ' એવા પોકારોથી સભા ગાજી રહી. છેટે બેઠા બેઠા પેલા ઢેડ ભાઇઓએ પણ જયમાં જય ભેળવી અને ઉંચી ડોકી કરી કરીને બાપુજીને જોવા લાગ્યા.

ગાંધીજી તો આવ્યા તેવાજ ભાષણ કરવા માચડા ઉપર ચઢ્યા. એક ક્ષણ ચારે તરફ આંખ ફેરવી. એ તો ગાંધીજીની ઝીણી આંખ ! છેટે ઢેડનું ટોળું બેઠું હતું તે પકડી પાડ્યું.

ગામવાળાને બોલાવીને પૂછયું "પેલા કેમ છેટે બેઠા છે ?"

"મહાત્માજી એ તો ઢેડા છે."

"એમને સૌની સાથે બેસાડો તો ?"

ગામવાળા માથું ખંજવાળવા લાગ્યા.

"એમને સભામાં ન લાવી શકો તો હું ત્યાં તેમની વચ્ચે જઈને ભાષણ કરીશ."

એમ કહી ગાંધીજી સભા છોડીને પોતાના વ્હાલા અંત્યજો ભેગા ગયા. ગામના કેટલાક હિંમતવાન માણસો પણ તેમની સાથે ગયા. ઢેડ ભાઈઓનો આનંદ તો ઉભરાઈ ચાલ્યો.

"ઘણું જીવો અમારા બાપુજી, ઘણું જીવો અમારા બાપુજી."

૫૪

આશ્રમમાં અંત્યજ.

ગાંધીજીએ સાબરમતી ઉપર આશ્રમ ખોલ્યો ત્યારે જાહેર કર્યું કે કોઈ લાયક અંત્યજ આવે તો એને આશ્રમમાં દાખલ કરું.

લોકોએ ધાર્યું, 'એ તો એમ કહે પણ અંત્યજ ક્યાં એમના આશ્રમમાં આવવા નવરા બેઠા છે ?

એમ કહી આંખ આડાકાન કર્યા, અને ગાંધીજીના આશ્રમને મદદ કરતા રહ્યા. આશ્રમનું ખર્ચ કેમ ચાલે છે. એની ગાંધીજીને ચિંતાજ ન રહેવા દીધી.

આમ થોડો વખત ચાલ્યું ત્યાં તો એક અંત્યજ કુટુંબ આવ્યું જ. ધણી, ધણીઆણી અને સાથે ધાવણી બાળકી. વળી તેઓ ઠક્કર બાપાની ભલામણ લઈને આવ્યા.

ગાંધીજીએ વિચાર્યું, ઈશ્વરે એમને અમારી કસોટી કરવા મોકલ્યાં. આવેલા અંત્યજ ભાઇને પૂછ્યું " આશ્રમનાં નિયમો જાણો છો ને?

" હાજી "

" તમારાથી પળાશે ? "

" હાજી "

" બસ ત્યારે સુખેથી આવો અને આશ્રમને તમારૂં ઘર બનાવો. "

આમ અત્યંજ કુટુંબ આશ્રમવાસી થઈ ગયું. સૌની સાથે રહે, સૌની સાથે ભોજન કરે.

આશ્રમમાં કાંઈ બધા સરખી સમજણવાળા નહોતાં. ઘણાં ઉંચા નીચાં થયાં. પણ ગાંધીજીએ કહી દીધું:–

"મ્હારે તો આ અંત્યજ પહેલા. જેમનાથી આ ધર્મ ન પળાય, તેઓ સુખેથી આશ્રમ છોડી જાય. પછી ભલે તે મારો પુત્ર હોય કે મારી સ્ત્રી."

ગામમાં યે વાત પહોંચી ગઈ કે ગાંધીના આશ્રમમાં તો ઢેડ રાખ્યો.

"અરે, આણે તો કહેતો હતો તેમજ કર્યું. આવા ભ્રષ્ટાચારમાં અમે ક્યાંથી મદદ કરી!" એમ કહી મદદ કરનારાઓએ મદદ બંધ કરી.

મગનલાલ ગાંધી આશ્રમની વ્યવસ્થા રાખતા તેમણે ગંભીર મોઢું કરી કહ્યું, "બાપુજી કોથળીનું તળિયું દેખાવા માંડયું છે. આવતે મહિને શું કરશું?"

ગાંધીજીએ હિંમત આપી, "ઇશ્વર ઉપર વિશ્વાસ રાખો. ખર્ચ ખૂટશે ત્યારે ઢેડવાડે જઇને રહેશું અને મજુરી કરીને પેટ ભરશું, પણ સત્ય નહિ છોડીએ."

૫૫

રાષ્ટ્રીય ઉપવાસ.

પંજાબમાં માતૃભૂમિનું ઘોર અપમાન થયું હતું. અપમાનથી સૌનાં દિલ બળી ઉઠયાં હતાં. આખા દેશ તરફથી સત્યાગ્રહ કરવાનો નિશ્ચય થયો હતો.

પણ આ મહાન કાર્યનો આરંભ કેમ કરવો ?

" ગામે ગામ ને શહેરે શહેર સભા ભરો. "

એ કરવા જેવું ખરૂં, પણ ગાંધીજીને તેટલાથી સંતોષ ન થાય.

" ગામે ગામ ને શહેરે શહેર હડતાળ પાડો. "

એમાં એક પગલું આગળ વધ્યા ખરા, પણ હજુ ગાંધીજી કંઈક વધારે માટે ઝંખતા હતા.

આખરે સૂઝ્યું. આખો દેશ એકજ દિવસે ચોવીસ કલાકનો ઉપવાસ કરે.

એ સાલ ૧૯૨૧ ની હતી અને તારીખ એપ્રિલની ૧૩ મી હતી. ગાંધીજીનો સંદેશો છૂટી ગયો. દેશના એક છેડાથી બીજા છેડા સૂધી ઉપવાસ અને પ્રાર્થના રખાયાં. એ એક દિવસે આ વિશાળ દેશમાં ત્રીસ કરોડ માણસ નહોતાં, પણ ત્રીસ કરોડ માથાં વાળો અને સાઠ કરોડ હાથ ને સાઠ કરોડ પગવાળો એક જ પુરૂષ હતો.

એ રાષ્ટ્રીય ઉપવાસનો દિવસ અમર રહી ગયો છે.

૫૬
પ્રેમના ઉપવાસ.

બધા બાળકો અને બાલિકાઓ જાણે છે કે કોઈને મારવું ન જોઈએ એમ ગાંધીજી શિખવે છે.

તેથી તેમની રાષ્ટ્રીય શાળાઓમાં બાળકોને મારની જરાયે બીક નથી હોતી. કોઈ શિક્ષક મારવા જાય તો બાળક ઉભો થઈને તેને પૂછી શકે કે બાપુજી મારવાની ના કહે છે ને તમે કેમ મારો છો ?

ગાંધીજી કોઈ બાળકનો દોષ થયો હોય તો તેને કદિ મારતા નથી. ઠપકો દઈને તેનું અપમાન પણ તેઓ કરતા નથી. પણ કેટલીક વાર બાળકો બહુ મોટા ગુન્હા કરી પાડે ત્યારે તેઓ જાતે ઉપવાસ કરી લે છે.

એ રીતે એકવાર તેમણે અઠવાડિયાના ઉપવાસ કર્યાં હતા. એકવાર ચૌદ દિવસના કર્યાં હતા. તેઓ કહે છે બાળકે દોષ કર્યો એમાં તેના ઉપર મારાથી ક્રોધ કેમ કરાય? મારા પોતામાં જ દોષ રહી ગયો હશે તેથી જ તેને ખોટું કામ કરવાનું સૂઝ્યું. જો હું પવિત્ર હોઉં તો મારી પાસે રહેનાર બાળક ખરાબ કેમ હોઈ શકે ? જો હું ખરી અહિંસા પાળતો હોઉં તો બાળક મારાથી ડરીને પોતાનો ગુન્હો છુપાવે જ નહિ.

આમ વિચાર કરીને ગાંધીજી પોતે ઉપવાસ આદરે છે.

આવા પ્રેમ પાસે કોઈ પણ બાળક વશ થયા વિના કેમ રહી શકે ?

૫૭

મહાન ઉપવાસ.

હિન્દુ અને મુસલમાનને ગાંધીજીએ બહુ વિનવ્યા, પણ લડતા રહેજ નહિ.

" આપણે એક દેશના પુત્રો, આપણે લડવું ન જોઇએ. "

તો પણ ઝગડા મટે નહિ.

"આપણા બાપદાદા કેવા સંપથી રહેતા તે વિચારો."

તો યે ઝગડા ચાલુ જ.

" લડવામાં એકેની ખાનદાની દેખાતી નથી માટે એક થાઓ. "

પણ લડવાના રસમાં ખાનદાનીનો ખ્યાલ કોને હોય ?

" એક થયા વિના સ્વરાજ્ય નહિ મળે હો."

પણ ક્રોધ ઉતરે ત્યારે સ્વરાજ્યની વાત સાંભળે ને ?

"બેની લડાઈમાં ત્રીજો ખાઈ જાય એ આંખ ઉઘાડીને જુઓ."

પણ આંખમાં ક્રોધ વેરી ભર્યો હોય તે કેમ આંખ ઉઘડવા દે?

છેવટે જીભ હારી ત્યારે ગાંધીજીએ શું કર્યું? તેમણે ૨૧ દિવસના ઉપવાસનું કઠણ વ્રત લીધું.

દિલ્હીમાં મહાન મુસલમાન અનસારી સાહેબનું ઘર અને તેનીજ અંદર મહાન હિંદુ ગાંધીજીના ઉપવાસ. ગાંધીજી હસતા હસતા ભૂખનાં દુઃખ સહન કરે, અને અનસારીજી ગળગળા થઈ ભૂખ્યાની સેવા કરે.

૫૮

સ્વરાજ્ય.

હિંદના દાદા દાદાભાઈ નવરોજજીએ સ્વરાજ્યને મંત્ર શોધ્યો.

લોકમાન્ય તિલક મહારાજે તે ઘેર ઘેર પહોંચાડયો.

ગાંધીજીએ સ્વરાજ્ય માટે ઘર ઘરમાં યજ્ઞ ચાલુ કરાવ્યા.

હિન્દના દાદાએ ચોપડીઓ ઉથલાવી શોધ્યું કે દેશનો મોટામાં મોટા રોગ ભૂખનો છે.

તિલક મહારાજે છ વર્ષની જેલ વેઠીને શિખવ્યું કે આ ભૂખ સ્વરાજ્યથી જ મટે એમ છે.

ગાંધીજી હવે પોતાની તપશ્ચર્યાથી આગળનો પાઠ આપણને આપે છે.

"દેશનો રોગ સ્વરાજ્યથી જ મટશે અને સ્વરાજ્ય ખાદીથી જ મળશે."

આ સ્વરાજ્યની લડત મોટા યોદ્ધાઓજ લડી શકે એમ ન માનશો. બાળકો પણ તેમાં સૈનિક થઈ શકે છે. જો તમારે ભરતી થવું હોય તો આટલું કરો ને ભરતી થઈ જાઓ.

પરદેશી કાપડનો ત્યાગ કરો અને શુદ્ધ ખાદી ધારણ કરો.

દેશને ખાતર રોજ કાંતો.

ગુલામી પોષાય એવી કેળવણી ન લો પણ દેશભક્તિ પ્રગટે એવી કેળવણી લો.

માતૃભાષા અને રાષ્ટ્રીય ભાષા સારી રીતે શીખો. અંગ્રેજીરૂપી પારકી માતાના ધાવણ પર આધાર ન રાખો.

અંત્યજોનાં બાળકોને તમારી પાસે પ્રેમથી બેસી ભણવા દો. આપણે સ્વરાજ્ય ભોગવવું હોય તો સૌથી પહેલાં તેમને સ્વરાજ્ય આપવું જોઇએ.

૫૮

પ્રેમ.

આપણને સૌને ગાંધીજી ઉપર બહુ જ પ્રેમ કેમ થાય છે ?

એનું કારણ એ છે કે તેમના હૃદયમાં આપણે માટે પ્રેમ ઉભરાય છે.

ગાંધીજીના ઉપર કોઇને વેર નથી એનું કારણ પણ જાણો છો ?

એનું કારણ પણ એ છે કે તેમના હૃદયમાં કોઈની ઉપર વેર વસતું નથી.

ગાંધીજી સરકારના જુલમો સામે લડે છે છતાં ઘણા અંગ્રેજ લોકો તેમના ઉપર પ્રેમ રાખે છે. એનું કારણ પણ એજ કે ગાંધીજી અંગ્રેજો ઉપર પોતાના મનમાં પ્રેમ જ રાખે છે.

કોઈ માણસ ખરાબ કામ કરે તો ક્રોધ કરી તેને મારવો એ તો પશુનું કામ થયું. મનુષ્યનું કામ એ

છે કે તેવા માણસને પ્રેમથી નવડાવવો, પ્રેમથી તેને સહન કરી લેવો.

ગાંધીજી એ રીતે કોઈના ઉપર વેર રાખતા નથી તેથી કોઈ તેમનો વેરી નથી. તેઓ સૌના ઉપર પ્રેમ વરસાવે છે તેથી આપણને તેમના ઉપર પ્રેમ ઉપજે છે.

૬૦

અહિંસા—૧

અહિંસા એટલે શું ? 'કોઈની હિંસા કરવી નહિ, કોઈને મારવું નહિ.

મનમાં ક્રોધ રાખવો એ પણ હિંસા જ કહેવાય. માટે તેવી મનની હિંસા પણ ન કરવી પણ મનમાં પ્રેમ રાખવો એનું નામ સાચી અહિંસા.

' પણ કોઈ આપણને મારવા આવે તો અહિંસા કેમ પળાય ? '

ખરી રીતે તો તેવે વખતે જ અહિંસાની કસોટી થાય ને ? કોઈ આપણને મારે નહિ કે આપણને ગુસ્સે કરે નહિ ત્યારે તો ઢોર પણ અહિંસા પાળે છે !

' પરંતુ એમ માર ખાઈ રહીએ તો આપણે ડરકણમાં ન ખપીએ ? '

ડરકણમાં કેવી રીતે ખપીએ? આપણે માર ખાઈને રડી પડતા નથી, આપણે મારની બીકે નાસી પણ જતા નથી. પ્રેમને લીધે આપણને ગુસ્સો આવે નહિ અને મારીએ નહિ એમાં ડરકણ કેવી રીતે થયા?

' એમ કોઇ મારી જાય તેના ઉપર પ્રેમ રાખવો એ તો બહુ અઘરૂં. એના કરતાં સામી થપ્પડ ચોડી લેવી સહેલી. '

સાચી વાત. અહિંસા પાળવી સહેલ તો નથી જ. અહિંસા શૂરાનો મારગ છે, કાયરનું કામ નથી,

ગાંધીજી એવી અહિંસા પાળે છે અને આપણને સૌને પાળવાનો ઉપદેશ દે છે.

૬૧

અહિંસા—૨

દુનિયામાં મારકણાં માણસો બહુ કોલાહલ મચાવે છે.

" આણે મને સલામ ન કરી, માટે તેને મારી નાખું. "

ગાંધીજી ઉંચા હાથ કરીને પોકારે છે, " ઓ ભારત વાસીઓ, આ કોલાહલમાં ભળશો યે નહિ ને એનાથી ડરીને ભાગશો યે નહિ. તમે તો અહિંસા જ પાળજો.

બધા લડીને થાકશે ત્યારે તેઓ આપણી પાસેથી અહિંસા શીખશે.

"અહિંસા પાળવા જઈએ તો અમને સૌ મળીને મારી નાખશે એવો ડર ન રાખશો. અહિંસાને તમે ઓળખતા નથી તેથી ડર લાગે છે. અહિંસાથી તો વેરી શાન્ત થઈ જાય."

ગાંધીજી સાંભળેલી કે વાંચેલી વાત કહેતા નથી. બહુ બહુ સંકટો સહન કરીને તેમણે અહિંસાનું રત્ન પ્રાપ્ત કર્યું છે.

અહિંસાથી જ ભારત વર્ષનો જય જયકાર છે.